॥ ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

સમાજ નિર્માણ તથા સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સમર્પિત

# પ્રજ્ઞા અભિયાન



સંસ્થાપક-સંરક્ષકઃ વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં. શ્રીરામ શર્મા આચાર્ય એવમ્ વંદનીય માતા ભગવતી દેવી શર્મા

અંક નં-૨૩ વર્ષ-૧૯ | વાર્ષિક લવાજમ-દેશમાં-૩૦.૦૦ | વિદેશમાં-૪૦૦.૦૦ | ૦૭ જુલાઈ-૨૦૧૦

## યુગશિલ્પીઓ ની સહચરી શાલીનતા-વિનમ્રતા

આ આલેખ યુગઋષિની જન્મ શતાબ્દીના પ્રયાજ વર્ષ માટે નિર્ધારિત તપ:પૂત પ્રશિક્ષણ સત્રના પાઠ્યક્રમ માટે પસંદ કરાયેલ પુસ્તક **લોકસેવિયોં કે લીયે દિશાબોધ(પાના-૨૫ થી ૨૯), માંથી સંકલિત, સંપાદિત** છે. આ શિબિરોનો ઉદ્દેશ છે પરમ પૂજ્ય ગુરૂદેવની આકાંક્ષાઓને અનુરૂપ યુગને દિશા દેનારા પ્રાણવાન લોકસેવીઓનું નિર્માણ, જેમને તેઓની જન્મ શતાબ્દી ઉપર શ્રદ્ધાંજલિ સ્વરૂપ સમર્પિત કરી શકીએ. ગુરૂપૂર્ણિમાના પર્વની પૂર્વ વેળામાં આ આલેખ વિશેષ રૂપે વાંચન કરી વિચારણા કરવા યોગ્ય થશે.

યુગ શિલ્પીઓની સમર્થતા, વરિષ્ઠતા, તેમની વિદ્યા, બુદ્ધિ, ઉંમર, વંશ વગેરેના આધારે નહી પરંતુ વ્યક્તિત્વની વિશિષ્ઠતાની સાથે અતૂટ રૂપે સંબંધીત છે. આ સાત મહાવ્રતના (૧. લક્ષ્ય અને ચિંતન ૨. શ્રમશીલતા ૩. સુવ્યવસ્થા ૪. શિષ્ઠતા ૫. સંયમશીલતા ૬. ઉદાર આત્મિયતા ૭.સાહસિક ચતુરતા) ના નિયમ-અનુશાસન પર નિર્ધારિત છે. (મૂળ પુસ્તકમાં સવિસ્તારથી વાંચો) જેઓ આને જેટલી ગંભીરતાથી સમજવાનો, તેમજ જેટલી તત્પરતાથી અપનાવવાનો પ્રયત્ન કરશે તેઓ એટલાજ પ્રમાણમાં યુગ પુરુષ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરશે, મૂર્ધન્ય મહામાનવ કહવાશે અને પોતાની આત્મિક વિભૂતિઓથી અસંખ્ય લોકોને અનુપ્રાણિત કરશે, પોતાના બીબામાં ઢાળશે.

### મોટાઈની અનગઢ હોડ

મોટા, તેનાથી મોટા, બધાથી મોટા બનવાની લલક જે રીતે મદાન્ધ થતી જઈ રહી છે કે તેમને  નથી તો ન્યાય સૂઝતો કે નથી નમ્રતા સધાતી, ઔચિત્ય, પરિણામ કે મર્યાદા સુધીનું ધ્યાન નથી રહેતું.

એક દેડકો પોતાની જાતને બળદ બનાવવાની હરીફાઈમાં લાગી ગયો. તે પોતાના પેટમાં હવા ભરતો ચાલ્યો ગયો અને અંતે પેટ, કલેવર ફાટી જવાના કારણે વગર મોતે મરી ગયો. આ વાર્તા એ દરેક મનુષ્ય પર લાગુ પડે છે જે વિચારે છે કે જેટલુ જલ્દી બની શકે, જેટલું વધારે ભેગું કરવું સંભવ હોય એટલુ પ્રતિક્ષા કર્યા વગર, કિંમત ચૂકવ્યા વગર કોઇપણ પ્રકારના છળ-કપટથી ભેગું કરી લેવું જોઈએ. આ જ છે સેવા માર્ગ પર ચાલી રહેલ લોકોની દુર્ગતિ કરનારી લલક, ભાવનાત્મક અવગતિ.

જ્યારે ખ્યાતિની, પદવીની આટલી બધી લિપ્સા હતી તો તેના માટે બીજા સસ્તા ઉપાય અને ગુપ્તચાલ હતી. આશ્ચર્ય થાય છે કે તેના માટે સેવાનો જટિલ માર્ગ જ કેમ પસંદ કર્યો? અને જો પસંદ કરી જ લીધો હતો તો સેવાની સહચરી નમ્રતાને સાથે લઈને ચાલવું હતું. સેવા ધર્મની સાથે શાલીનતાનો સમન્વય હોવો જોઈએ. લોકસેવીને નિસ્પૃહ અને વિનમ્ર બનવું જોઈએ. એમાં જ એની ગરિમા અને ઉજ્જવળ ભવિષ્યની સંભાવના રહેલ છે. જેઓ મોટાઈ લૂંટવા, સાથી મિત્રો કરતા વધું ચમકવા, ઉછળવાનો પ્રયત્ન કરશે, તેઓ ઊંધા મોંએ પડી પોતાનાજ દાંત તોડશે. સાથી મિત્રો શા માટે બીજાના અહંકારને સહન કરે, કોઈના મોટા બનવા પર પોતાની નાનપ શા માટે સ્વીકાર કરે.

સુન્દ, ઉપસુન્દની કથા પ્રસિદ્ધ છે. એક સુન્દરી પર આસક્ત થઈને બંન્ને પરસ્પર લડી પડ્યા અને મરીને સમાપ્ત થઈ ગયા. મોગલો એ કેટલીય પેઢીઓ સુધી બાપની, ભાઈઓની છાતી પર ચડીને ગાદી પચાવી પાડી. મધ્યકાલીન સામંતોએ આવા કેટલાય દુષ્કૃત્યો કર્યા, જેમાં ઉત્તરાધિકારી બાળકોની હત્યા કરીને પોતે માત્ર દરબારી હોવા છતા પણ સિંહાસન પર બેઠા. સંસ્થાઓના વિઘટનમાં આ પદ લોલુપતા જ પ્રધાન કારણ રહી છે. ચક્રવર્તી યુધિષ્ઠિરના અનુશાસનમાં ન રહીને પોતાનું સ્વતંત્ર વર્ચસ્વ ચમકાવવા માટે વ્યાકુળ કૌરવોએ એ અનીતિ અપનાવી અને અંતે મહાભારતના રૂપમાં મહાવિનાશનું કારણ બની. કૃષ્ણનો યાદવ વંશ કાંઈ અર્ધભૂખ્યો ન હતો પરંતુ તેના દરેક સદસ્યએ પોતાની વિશિષ્ટતા સિદ્ધ કરવા અને અન્યને નીચો પાડવા માટે સામૂહિક આત્મઘાત જેવી સ્થિતિ સુધી પહોંચી ગયા. આ બધુ જોઇને જ વ્યાસજી એ અટલ સિદ્ધાંતના રૂપમાં લખ્યું કે-

બહવ: યત્ર નેતાર: બહવ: માનકાક્ષિણ
સર્વે મહત્ત્વમિચ્છન્તિ, સ દલ અવસીદતી

જ્યાં ઘણા લોકો નેતા બને, જ્યાં ઘણાં લોકોની મહત્વાકાંક્ષા, યશ અને લિપ્સા હોય તે દલ અંતે નષ્ટ થઈને રહે છે.

### વરદાયિની વિનમ્રતા

ભગવાન કૃષ્ણએ મહાભારત પછી યોજાયેલ રાજસૂય યજ્ઞમાં આગ્રહપૂર્વક આગન્તુકોના પગ ધોવાની જીમ્મેદારી લઈને સજ્જનોચિત વિનમ્રતાનો પરિચય આપ્યો હતો. ગાંધીજી કોંગ્રેસના પદાધિકારી ન રહ્યા પરંતુ આમ છતા સૌથી વધુ સેવા કરવામાં અને માન મેળવવામાં સમર્થ બન્યા હતા. રામ-ભરતમાંથી બંનેએ રાજતિલકનો દડો એક-બીજાને આપવામાં કોઈ કસર છોડી ન હતી. ચાણક્ય ઝુંપડીમાં રહેતા હતા કારણ કે રાજમદ તેમના પર ન ચઢે, કોઈ સાથીમાં મુખ્યમંત્રીનો ઠાઠ-બાઠ જોઈને એવી લલક ન પેદા થાય. રાજા જનક હળ ચલાવતા હતા. બાદશાહ નસીરુદ્દીન ટોપીઓ સીવીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. આ તે ઉદાહરણ છે જેનાથી મિત્રોમાં વધુ વિનમ્ર અને સંયમી બનવાની પ્રેરણા મળે છે. પેશવાઓના મુખ્ય ન્યાયાધીશ રામ શાસ્ત્રીની પત્ની જ્યારે રાજમહેલમાંથી બહુમૂલ્ય વસ્ત્ર, આભુષણ અને ભેટસોગાદ લઈને પાછી ફરી તો તેમણે દરવાજા બંધ કરી દીધા અને કહ્યું કે બ્રાહ્મણની પત્નીએ અપરિગ્રહના વ્રતનું પાલન કરવું પડશે, નહીં તો વિનમ્રતાની સમ્પદા હાથમાંથી ચાલી જશે અને આપણે દ્રોણાચાર્યની જેમ નોકર બનીશું અને કંઈપણ કરવા માટે મજબુર થતા રહેશું.

### યુગ શિલ્પીઓનો ધર્મ

યુગ શિલ્પીઓને રાજકારણી લોકોની જેમ મોટાઈ, ઠાઠ-બાઠ, વૈભવની ન તો ઈચ્છા કરવી જોઈએ કે ન તો એના માટે પોતાના પુનિત ક્ષેત્રમાં હાથ-પગ પછાડીને ઈર્ષા, દ્વેષનું ઝેર પાવું જોઈએ. જે જેટલો મોટો હોય તે એટલો વિનમ્ર બનીને રહે. અનુશાસનનું પાલન કરે અને યોગ્યતાને અનુરૂપ વર્ચસ્વ મેળવવાનો પ્રયત્ન ન કરે. મિશનમાં યોગ્યતાનુ નહી પરંતુ એ સજ્જનતાનું મહત્વ છે, જેની સાથે નમ્રતા, નિરહંકારીતા, અવિચ્છનતા જોડાયેલ છે. આપણામાંથી કોઈ અહંકાર પ્રદર્શિત ન કરે. નાના બનીને રહે અને અનુશાસનના પાલનમાં જ પોતાનુ ગૌરવ સમજે.

### સદ્ગુણ જ સાચી સંપતિ

સિખ ધર્મના છઠ્ઠા ગુરુ અર્જુનદેવ સંગઠનમાં એંઠા વાસણો માંજવાનું કામ કરતા હતા, પરંતુ ગુરૂ રામદાસે ગુરૂ ગાદીના ઈચ્છુક દરેકને અયોગ્ય માનીને પોતાના ઉત્તરાધિકારીના રૂપમાં અર્જુનદેવને ઘોષિત કર્યા કારણ કે તેઓ વિનમ્ર, નિસ્પૃહ અને અનુશાસનના પાલનમાં અગ્રિમ હતા.

અધ્યાત્મ ક્ષેત્રમાં વરિષ્ટતા યોગ્યતાના આધારે નહીં પરંતુ આત્મિક સદ્ગુણોની પરીક્ષામાંજ તપાસવામાં આવે છે. આ ગુણ શૃંખલામાં નિરહંકારિતાને, વિનયશીલતાને અતિ મહત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત છે. સરકારી ક્ષેત્રોમાં યોગ્યતાના આધારે પદોન્નતિ અને નોકરીમાં પ્રમોશન કરવામાં આવે છે. એ જ માપદંડ જો અધ્યાત્મ ક્ષેત્રમાં અપનાવવામાં આવે તો ભાવનાઓનું ક્યાંય પણ મહત્વ નહીં રહે. મહત્વાકાંક્ષી લોકો જ આ ક્ષેત્રમાં પણ પોતાનું આધિપત્ય જમાવીને યોગ્યતાની દુહાઈ આપવા લાગશે.

ગાંધીજીના સાબરમતી આશ્રમમાં ટટ્ટી સાફ કરવાથી લઈને દરેક પ્રકારના નાના મોટા કામ સ્વયં પોતાના હાથે કરવા પડતા હતા, જેને કરવામાં સામાન્ય રીતે મોટા માણસો પોતે હલકું સમજીને નોકરો પાસે કરાવે છે. વિનોબાના પવનાર આશ્રમમાં બધા જ આશ્રમવાસી કૂવામાંથી પાણી ખેચવાનું અને પહેરેદારી કરવાનું કામ જાતે કરતા હતા. શાંતિકુંજના દરેક કાર્યકર્તાને સફાઈ અને પહેરેદારીનું કામ જાતે જ કરવું પડે છે, અહીંયા કોઈ મહેતર નથી. શૌચાલય, સ્નાનાઘર, નાળિઓની સફાઈ બધાજ સાથે હળીમળીને કરે છે. નેતાગિરી માટે વિગ્રહ ઉત્પન્ન કરવા વાળા ક્ષેત્રો બીજા હોઈ શકે છે, પણ સેવા ધર્મમાં આ પ્રકારની લિપ્સાનું સામાન્ય પ્રદર્શન પણ સારું લાગતુ નથી. સ્કાઉટિંગનુ જેમને શિક્ષણ મેળવ્યું છે તેઓ જાણે છે કે અનુશાસનનું પાલન જ વરિષ્ઠતાનું ચિહ્ન છે. પદવી મેળવવા માટે વિગ્રહ કરવાવાળાઓનું સ્વયંસેવી સંસ્થાઓમાં કોઈ સ્થાન ન હોઈ શકે.

ગુરૂદ્વારામાં શ્રદ્ધાળુ સેવીઓ આગંતુકોના જોડાની સફાઈ કરીને યથા સ્થાને રાખતા જોવા મળે છે. મહિલાઓ પોતાની ચુંદડીથી દાદર સાફ કરે છે. ઈઝરાયલની પ્રધાનમંત્રી ગોલ્ડા માયર કર્મચારીઓની ઓફીસ જાતે જઈને તેમની સમસ્યાઓનું સમાધાન તથા માર્ગદર્શન ઉભા-ઉભા, ચાલતા ફરતાં કરી દેતાં હતાં. કેરલમા શ્રી નામ્બુદરીપાદ્ જ્યારે મુખ્ય મંત્રી હતા ત્યારે ઘરે થી ઓફીસ સુધી સાયકલ પર આવતાં જતાં હતાં. આ નમ્રતા જ છે જેને સજ્જનતાનું બીજુ નામ કહી શકાય. યુગ શિલ્પીઓની સેવા સાધનામાં આ આચાર સંહિતાનું જ પાલન કરવામાં આવે છે. નેતાગિરી કરવાવાળા અહીં કંઈ મેળવતા નથી, પરંતુ પોતાની પ્રતિષ્ઠાનું શ્રાદ્ધ તર્પણ જાતે જ કરી બેસે છે.

### મહાનતાનો પથ

સાધુ બ્રાહ્મણ પરંપરામાં અપરિગ્રહ, સાદગી, કરકસર, નમ્રતાને વરિષ્ઠતાનું પ્રતિક ચિહ્ન માનવામાં આવે છે. વિલાસી, અહંકારી, ઉદ્ધત, કટુભાષીને આ ક્ષેત્રમાં હલકા માનવામાં આવે છે. ભિક્ષાટન માટે જાણે, ઘરે -ઘરથી રોટલી માગી ખાવા પાછળ અહંકારને ઓગાળવાની સાધના કરવી પડે છે. જેના વગર આધ્યાત્મિક ઉત્કૃષ્ઠતા આવતી જ નથી. જળો જ્યાં પોતાના પંજા જકડી ચોટી જાય છે ત્યાંથી પેટ ભરાઈને લોહી પીને જ છૂટે છે. તેને છોડાવવાનો એકજ ઉપાય છે કે તેના ઉપર દળેલુ મીઠુ છાંટવામાં આવે તો જોત જોતામાં તે નરમ પડી જાય છે અને તે જ ક્ષણે છુટી પડી એક ખૂણામાં ઉંઘી પડી જાય છે. અહંકાર એક પ્રકારની જળો છે, તેનો પીછો છોડાવવા માટે એવા નાના કામ પોતાના હાથે કરવા પડે છે, જેને સામાન્ય રીતે નાના લોકો દ્વારા કરવા યોગ્ય છે તેમ માનવામાં આવે છે.

યુગ શિલ્પી એક મહાન મિશનના અંગ અવયવ હોવાના કારણે જ સન્માન મેળવે છે અને ઉચ્ચ સ્તરીય વ્યક્તિત્વનું શ્રેય મેળવે છે. તેમણે સાર્વજનિક પ્રયોજનોમાં 'મેં' શબ્દનો ઉપયોગ ન કરીને 'અમે','અમે લોકો' કહેવું જોઈએ. દોષ-દુર્ગુણોની, ભૂલ અપરાધોની સ્વીકૃતિમાં તો 'મેં' શબ્દનો ઉપયોગ કરી શકાય છે, પરંતુ શ્રેય તો સૌના હળીમળીને કરેલા પ્રયત્નોથી જ થાય છે.

આ માટે તેમણે કરેલા દરેકના સહિયારા પ્રયત્નનો સંકેત હોવો જોઈએ. સાથીઓને સ્નેહ, પ્રેમ, સહયોગ આપવામાં આપણે અગ્રણી રહીએ. સફળતાની ચર્ચામાં તેમના શ્રમ, સહયોગનો ઉલ્લેખ કરીએ. નિરહંકારિતાના ખાતર પાણી મેળવીને જ સપ્ત મહાવ્રત કલ્પવૃક્ષની જેમ ફળતા, ફૂલતાં અને સિદ્ધિ-સફળતાઓથી ભરપૂર થાય છે. જેને સેવા ક્ષેત્રમાં કામ કરનારાઓને પ્રાપ્ત થનારુ દિવ્ય વરદાન કહેવામાં આવ્યું છે.

**જે સંસાર સાથે સદ્વ્યવહાર ન રાખી શક્યા તેની ઉપાસના અધુરી છે.**

# આ ગુરૂપૂર્ણિમા નિષ્ઠાવાનો માટે આધ્યાત્મિક ઉન્નતિની અસાધારણ સંભાવના લાવી છે

## કંઈક એવુ કરો-કરાવો જેનાથી આપણે સ્વયં કૃતકૃત્ય થઈએ અને ગુરૂદેવનું હૃદય ગદ્ગદ્ થઈ જાય

### અનુશાસન અને પદોન્નતિ

યુગઋષિ પરમ પૂજ્ય ગુરુદેવ ગુરુપૂર્ણિમાને શિષ્યો માટે અનુશાસન પર્વ કહેતા રહ્યા છે.ગુરુના અનુગ્રહથી પ્રભાવિત થઈને એમના યશગાન કરનારા શિષ્યોની કોઈ ઉણપ નથી દેખાતી. પરંતુ ગુરુની આંખો યશગાન કરનારા શિષ્યોની ભીડમાંથી એ સમજદાર નિષ્ઠાવાનોને આતુરતા પૂર્વક શોધતી રહે છે, જે ગુરુની પ્રશંસા કરવાને બદલે વધારે ધ્યાન તેમને પ્રસન્ન કરવા પર આપે છે.

જે લોકો પોતાની પ્રશંસા કરવાવાળાથી પ્રસન્ન થાય છે, તેમને ખૂબ જ છીછરા વ્યક્તિત્વ વાળા માનવામાં આવે છે. ગુરુનો અર્થ જ થાય છે ભારે-ગૌરવશાળી વ્યક્તિત્વવાળા. તેઓ શિષ્યો દ્વારા કરવામાં આવેલ પ્રશંસાથી નહીં, શિષ્યો દ્વારા એમના બતાવેલ અનુશાસન પાલનમાં કરવામાં આવેલ પ્રગતિથી પ્રસન્ન થાય છે.

ગુરુદેવ કહેતા રહ્યા છે કે ગુરુપર્વ પર પ્રત્યેક શિષ્યએ પોતાની સાધનાને કસોટી પર કસવી જોઈએ. આ હિસાબ લગાવવો જોઈએ કે આપણે ગુરુ દ્વારા નિર્ધારિત અનુશાસનનું પાલન કરી પોતાની ક્ષમતાનો કેટલો વિકાસ કર્યો. જે સાધક આ પ્રકારે આત્મસમીક્ષા, આત્મશોધન, આત્મનિર્માણ તથા આત્મવિકાસમાં જેટલો સફળ થાય છે, તે એજ પ્રમાણમાં ગુરુસત્તાને પ્રસન્ન કરી શકે છે. તેઓ પરિષ્કૃત વ્યક્તિત્વને જ પોતાની દિવ્ય શક્તિઓનું માધ્યમ બનાવે છે.

નિશ્ચિત જ તેમણે આપણને સૌને વિભિન્ન રૂપોમાં મહત્ત્વપૂર્ણ કાર્યો માટે માધ્યમ બનાવ્યા છે. આગળનું કાર્ય હજી વધારે મહત્ત્વપૂર્ણ છે. એમનું માધ્યમ બનવા માટે આપણે સૌના વ્યક્તિત્વોને પહેલાંથી વધારે પરિષ્કૃત થવું જરૂરી છે. ''અપને અંગ અવયવો સે'' પત્રકના અંતિમ પેરેગ્રાફમાં તેઓ લખે છે:-

''આગામી કાર્યક્રમ ઉંચો છે. પોતાની ઉંચાઈ એનાથી ઓછી ન પડે, એ એક જ આશા, અપેક્ષા અને વિશ્વાસ આપ લોકો પર રાખીને કદમ આગળ વધી રહ્યા છે. તમારામાંથી કોઈ આ વિષમ વેળામાં પાછળ ન રહે...''

આપણા શિષ્યત્વની સાર્થકતા એમાં જ છે કે આપણે તેમને નિરાશ ન કરીએ. આપણે આત્મ-સાધના દ્વારા પોતાના વ્યક્તિત્વને એમની દૃષ્ટિમાં ઉંચા સ્તરના બનાવીએ. ઉપરોક્ત પત્રકમાં તેઓ લખે છે:-''કોઈ લંબાઈથી ઊંચા નથી હોતો. શ્રમ, મનોયોગ, ત્યાગ અને નિરહંકારિતા વગેરે જ કોઈને ઊંચા બનાવે છે.''

એ સમય આવી ગયો છે, જ્યારે ગુરુસત્તા શ્રેષ્ઠતમ કાર્યો માટે શ્રેષ્ઠતર શક્તિ અનુદાન આપવા માટે આપણામાંથી તેમને શોધી રહી છે, જે પોતાના વ્યક્તિત્વોને શ્રેષ્ઠતર બનાવી આધ્યાત્મિક પદોન્નતિ મેળવવા તૈયાર હોય. આ ગુરુપૂર્ણિમા પર્વ આ તૈયારી માટે એક અનુપમ અવસરના રૂપમાં આવી રહી છે.

### ભરોસો રાખો
### સાવધાની વરતો

''અપને અંગ અવયવો સે''માં તેમણે આ સમયને આપણા સૌના માટે 'અગ્નિ પરીક્ષાની ઘડી' નો કહ્યો છે. પરિવર્તનના ઉતાર ચઢાવોની વચ્ચે આપણો વિશ્વાસ ડગમગી પણ શકે છે. આ સંદર્ભમાં એમનો નિર્દેશ કંઈક આ પ્રકારે છે:-

''તમને લાગી શકે છે કે ગુરુદેવે જે કંઈક કહ્યું, એવું બરાબર થતું તો નથી લાગતું? જરા પોતાના વિવેકની આંખો ખોલો. ભવિષ્યવાણીઓમાં તો એને પ્રલયની વેળા, વિનાશની વેળા કહેવામાં આવી છે, પરંતુ અમે ઋષિઓએ આને પરિવર્તનની વેળા કહી છે. પરિવર્તન હંમેશા બહુઆયામી હોય છે. વિનાશ, સર્જન, સ્થાપના, પુનર્મૂલ્યાંકન, પરિવર્તન આ તો સતત ચાલતી રહેનારી પ્રક્રિયા છે, આ વિશિષ્ટ કાળમાં 'કાલચક્ર' કંઈક અલગ જ ગતિથી ફરી રહ્યું છે.

ભવિષ્યનું નિર્ધારણ થઈ ચુક્યું છે, આ સમયે કંઈક કઠોર વિષમતાઓ આવનારી છે. જો તમો લોકો આપની આસ્થા અને વિશ્વાસને મજબૂતી સાથે પકડી રાખશો, તો હું આપ સૌને તમારા ઉજ્જવળ ભવિષ્ય સુધી અવશ્ય પહોંચાડી દઈશ. તમે પોતાના પ્રેમ અને વિશ્વાસના ભરોસે નિડર રહો, ન ટૂટો, ન ઝુકો. ગાયત્રી પ્રાણોની અધિષ્ઠાત્રી છે, તમારી પ્રાણશક્તિ વધવી જોઈએ. અધ્યાત્મ આસ્થા અને વિશ્વાસને મૂલ્ય પ્રદાન કરે છે, પોતાની નિષ્ઠાને મજબૂત બનાવો.''




ગુરુદેવે પોતાની આત્મકથાને શીર્ષક આપ્યું છે 'અમારો વિલ અને વારસો'. અહીં તેઓ 'મારી'ની જગ્યાએ 'અમારી' શબ્દનો પ્રયોગ કરે છે. તેઓ સ્વયંને વ્યક્તિ નહીં, ઋષિ ચેતનાનું એક અભિન્ન અંગ માને છે. એ સંદર્ભમાં એમનું કથન છે:-

''આપે પણ સાંભળ્યું હશે કે જીવન મુક્ત ઋષિગણ હિમાલયની ઉપત્યિકાઓમાં તપ-અનુષ્ઠાનમાં લાગી રહે છે. શું અર્થ છે આ વાતનો? તેમણે પોતાના કર્મ-બીજને તો બાળી નાખ્યું છે, જેના કારણે તેઓ ભૌતિક જીવન પ્રાપ્ત નથી કરતા. પરંતુ પોત-પોતાના જીવનમાં રંગ ભરવા માટે તેમણે પણ માનવોનો જ આશ્રય લેવો પડે છે. માનવોની હિત-કામનાથી તેઓ પોતાના સૂક્ષ્મ શરીરોને પણ સક્રિય રાખે છે. હું પણ એવા જ આત્માઓમાંથી એક છું...

આપણા સૌનો પ્રયાસ છે કે તમામ મનુષ્ય પોતાના જીવનના મહત્ત્વને સમજે અને મેળવે. જો એવું થાય તો આપણે પણ સુખી થઈએ છીએ, કેમ કે કામી, ક્રોધી, લોભી, સ્વાર્થી અહીં (સૂક્ષ્મ જગત્)માં પણ પ્રદૂષણ ફેલાવે છે. પોતાની સ્વતંત્રતાની હદની સમજ સૌને હોવી જોઈએ. ભલે તે સૂક્ષ્મ જીવાત્મા હોય અથવા સ્થૂળ શરીરધારી હોય. આપ સૌની પાસે અમારી આ જ અપેક્ષા છે કે આપ પોતાના જીવનને સરળ, સુંદર અને પ્રેમમય બનાવો, સદ્બુદ્ધિ જગાવો અને પરસ્પર સહયોગ કરો. આ અભ્યાસ તમારા થોડા સમયના ભૌતિક જીવનમાં પણ કામ આવશે અને અનંત સૂક્ષ્મ જીવનમાં પણ કામ આવશે.

હું તમને ફરી સાવધાન કરવા માંગું છુ કે સદ્બુદ્ધિની ઉપાસના ભાવપૂર્વક કરવામાં આવે. મરવાનું તો સૌને છે, પરંતુ આત્મપરિષ્કાર, આત્મનિર્માણ પછી મરવાનું મૂલ્ય કંઈ બીજું જ હોય છે. સૂક્ષ્મ જગતમાં કોઈ સ્વજન કામ નથી આવતા. તમારુ તે પોતાનુ છે (તમારુ પરિષ્કૃત વ્યક્તિત્વ) તે જ તમારી સાથે હશે.''

આપણા સૌનું પરમ પવિત્ર કર્તવ્ય આ જ છે કે આપણે ગુરુસત્તા-ઋષિસત્તાના નિર્દેશોને સમજીએ, એના પર ભરોસો રાખીએ સાવધાનીઓ રાખીએ કે સાંસારિક વિકૃતિના પ્રભાવથી બચતાં પોતાના ધર્મકર્તવ્યોને અડગ ભાવથી પૂરા કરતા રહીએ. પોતાના આ દિવ્ય અનુબંધોને સ્મરણમાં રાખી તે અનુસાર અનુશાસનોના પાલનમાં શ્રેષ્ઠતર સાબિત થતાં રહીએ.

### પર્વની તૈયારીઓ કરો

**દિશાધારા:-**➢અમો યુગઋષિ, પોતાના ગુરુદેવની જન્મશતાબ્દી ઉજવવા માટે ઉત્સાહિત છીએ. તેમને પ્રસન્ન કરવા હોય, તો આપણે એમના જીવનોદ્દેશ્ય-'યુગ નિર્માણ'માં જન-જનને ભાગીદાર બનાવવા અદ્વિતીય પુરુષાર્થ કરવો પડશે.

➢યુગ નિર્માણ ખૂબ જ વ્યાપક અભિયાન છે. આ યુગના તમામ પ્રતિભાવાનો તથા સર્જનશીલ સંગઠનોને એમાં પોત-પોતાની ભૂમિકા નિભાવવી પડશે. એના માટે પ્રેરિત-સહમત કરવા અને સક્રિય બનાવવાનું કાર્ય આ દેવપરિવારના નૈષ્ઠિકોએ જ કરવું પડશે.

➢ આ કાર્ય કેવળ કામના કરવાથી પૂરૂ નહીં થાય. એના માટે નિશ્ચિત સંકલ્પ કરવો પડશે તથા શ્રેષ્ઠતર જીવન સાધનાની તૈયારી કરવી પડશે. આ પુરુષાર્થના સૂક્ષ્મ પ્રેરણા-પ્રવાહને આત્મસાત કરવા માટે દરેક સાધકે પોતાની તૈયારી કરવી પડશે.

**તૈયારીનું માધ્યમ:-**શું કરવાનું છે? કેવી રીતે કરવાનું છે? એના માટે અમુક પુસ્તિકાઓ અને પત્રકોને આધાર બનાવવો પડશે. તે છે:-

**પત્રક: ➢અમારો યુગ નિર્માણ સત્સંકલ્પ**
**➢અપને અંગ અવયવો સે**

આ બંન્ને પત્રકોના એક-એક સૂત્ર પર ઉંડું વિચાર મંથન કરી પોતાને એ સૂત્રોની કસોટીઓ પર પહેલાંથી શ્રેષ્ઠ સાબિત કરવાની તૈયારી કરવામાં આવે.

**લઘુ પુસ્તિકાઓ:-**
**➢યુગઋષિ તેમજ એમની યોજના સમજો, સમજાવો અને લાભ ઉઠાવો.**
**➢દીક્ષિત-નૈષ્ઠિક પરિજન અર્પિત કરે એક સાર્થક શ્રદ્ધાંજલી**

ઉપરોક્ત પુસ્તિકાઓને મોટી સંખ્યામાં કેન્દ્રમાંથી મંગાવી લેવામાં આવે અથવા સુવિધા હોય તો સ્થાનીય સ્તરે છપાવી લેવામાં આવે. દરેક પરિજન દરેક મંડળ સુધી તેને પહોંચાડવામાં આવે. એ આગ્રહ કરવામાં આવે કે એના આધાર પર પોતાના વ્યક્તિત્વને એક સીડી ઉપર લાવવા સ્વયંને તૈયાર કરવામાં આવે. આ તૈયારીના આધારે જ પર્વ પર નિશ્ચિત સંકલ્પ કરવામાં આવશે.

**સૌની ભાગીદારી:**-પ્રયાસ કરવામાં આવે કે પહેલાં ઉપરોક્ત પત્રકો તેમજ પુસ્તિકાઓના આધાર પર તમામ પરિજનોના મન-મસ્તિષ્કમાં વિચાર મંથન ચાલી પડે તથા પર્વ પર એમની પ્રાણવાન ભાગીદારી નિશ્ચિત હોય.

**વિકેન્દ્રિત-સુનિયોજિત વ્યવસ્થા:-**એના માટે પર્વ આયોજનની વિકેન્દ્રિત પરંતુ સુનિયોજિત વ્યવસ્થા બનાવવામાં આવે. એક સ્થાન પર સૌની ભાગીદારી સંભવ નથી થઈ શકતી. ઠેર-ઠેર નાના-નાના આયોજનોમાં નજીકના તમામ પરિજનો આસાનીથી પહોંચી શકે છે. નાની વ્યવસ્થાઓ હળી-મળીને કરી લેવાથી ખર્ચો પણ ઘણો ઓછો આવશે.

**સફળ પ્રયોગ:-**પાછલા વર્ષે આ પ્રયોગ ગુજરાતમાં ખૂબ જ સફળ થયો. કાર્યક્રમનું સ્વરૂપ તથા એનો સમય સુનિશ્ચિત કરી દેવામાં આવ્યો. તમામ નાની-મોટી શાખાઓને એ છૂટ આપવામાં આવી કે તેઓ પોતાના ક્ષેત્રના પરિજનોની સંખ્યાની અનુરૂપ વ્યવસ્થા બનાવી લે. પરિણામ સ્વરૂપે એક જ દિવસે, એક જ સમયમાં ૭૦૦૦ થી વધારે કુંડીય યજ્ઞ એક સાથે સીમિત શ્રમ તેમજ સાધનોથી સંભવ થઈ ગયા. કેન્દ્રિત વ્યવસ્થામાં આવું ક્યાં સંભવ થઈ શકશે?

### ક્રમ વ્યવસ્થા

તમામ જગ્યાએ પર્વનો ક્રમ પ્રાત: ૭ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી ચલાવવામાં આવે. તમામ સાધકગણ ૪૫ મિનીટ સામૂહિક મંત્રજપ કરે. ગુરુસત્તાથી ભાવભરી મૌન-માનસિક પ્રાર્થના કરે કે હે દેવ! અમને પહેલાંથી શ્રેષ્ઠતર વ્યક્તિત્વ ઘડવામાં ઉચિત સહારો આપો.

તમામ દીક્ષિત પરિજન આત્મસમીક્ષા કરે કે જ્યારે અમોએ દીક્ષા લીધી હતી, ત્યારે દક્ષિણા સંકલ્પના સમયે ઉપાસના, સાધના, આરાધના તથા સમયદાન-અંશદાનનું શું વ્રત લીધું હતું? જો વ્રતોને ભૂલી ગયા અથવા એનું પાલન નથી થયું, તો તેને દીક્ષા વ્રત ભંગ માનીને પ્રાયશ્ચિત કરવામાં આવે. નવેસરથી વ્રતોનું નિર્ધારણ કરે. જો જે વ્રત લીધા હતા, એમાં પ્રગતિ નથી થઈ, તો પણ ગુરુસત્તાથી ક્ષમા માંગીએ તથા આગળ નિરંતર પ્રગતિનું વચન આપે.

ઉપરોક્ત સમીક્ષાના આધાર પર તમામ જ્યારે ૧૫ મિનીટમાં સૌ પોત-પોતાના માટે એક સ્મૃતિ પત્રક તૈયાર કરે. એમાં પોતાની ઉપાસના, સાધના, આરાધનાનો પહેલા કરતા વધારે શ્રેષ્ઠ સ્વરૂપ બનાવવાનો સુનિશ્ચિત નિયમ હોય. સમયદાન અને અંશદાનમાં વધારો તથા એના શ્રેષ્ઠ સુનિયોજનનો સંકલ્પ હોય. આ સ્મૃતિ પત્રકોને પોતાની પૂજા સ્થળી પર રાખવામાં આવે. નિયમોમાં ભંગ ન થવા દેવો તથા તેણે શ્રેષ્ઠતર બનાવી રાખવાનો સંકલ્પ કરવામાં આવે.

શેષ બે કલાકનો સમય યજ્ઞ તેમજ ગુરુદેવના પસંદ કરાયેલ સંદેશને સાંભળવા-સંભાળાવવામાં લગાવવામાં આવે.

**પ્યાર અને સહકાર:-**યુગઋષિનું વાક્ય છે 'પ્યાર અને સહકારથી ભર્યોપૂરો પરિવાર ધરતી પર સ્વર્ગ હોય છે.' ગાયત્રી પરિવારની નાની-મોટી શાખાઓ ગુરુસત્તાના આ સૂત્રના આધાર પર પોતાના ચિંતન, ચરિત્ર અને વ્યવહારને શ્રેષ્ઠ બનાવવા માટે સાધના કરે. ગુરુદેવ પરસ્પરના મધુર સંબંધોને ખૂબ જ મહત્ત્વ આપતા રહ્યા છે. એમનું કથન છે કે કામ બગડવાનો ભય હોવા છતા પણ સંબંધ ન બગડે તેનો ખ્યાલ રાખવામાં આવે. કામના નામ પર પોતાનો અહંકાર દેખાડવા અને બીજાની આલોચના કરવાના દોષોથી બચવું આપણા સૌના માટે ખૂબ જ જરૂરી છે. ગુરુસત્તાએ લખ્યું છે-''આપ સૌની સમન્વિત શક્તિનું નામ જ તે વ્યક્તિ છે, જે આ લીટીઓ લખી રહ્યો છે.'' આ સમન્વયનો આધાર આપણાં પરસ્પરનો પ્રેમ અને સહકાર જ બનશે.

આપણામાંથી પ્રત્યેકે ગુરુદેવનું તે કથન યાદ રાખવું જોઈએ, જેમાં તેમણે કહ્યું છે કે પ્રેમ જ એમના જીવનની સર્વોપરિ સંપદા રહી છે. એની તુલનામાં તેઓ પોતાના જ્ઞાન, તપ, કૌશલ વગેરેને ખૂબ જ નાનું માને છે. એમના પ્રેમથી આપણને સહુને જોડ્યા છે. આપણે સૌ જ્યારે તેમને મળ્યા, ત્યારે કોઈ દેવતા ન હતા. આપણી ઘણી બધી કમજોરીઓ, દુર્ગુણોને નજરઅંદાજ કરીને તેમણે આપણને એટલો પ્યાર આપ્યો કે આપણે તેમના થઈ ગયા.

આપણે એમના જેટલી પ્રેમ-સાધના ન કરી શકીએ, તો પણ એટલી તો કરવી જ જોઈએ, કે જેને ગુરુદેવે જોડ્યા છે, તેમને આપણે નિભાવી લઈએ. પોતાપણાના સંબધથી જ કોઈનામાં પરિવર્તન લાવી શકાય છે. જો તે જ ક્ષીણ થઈ ગયો, તો ઈચ્છિત પરિવર્તન કેવી રીતે થશે? પરિવર્તનના પ્રયાસમાં ક્લેશ જ થવા લાગશે. આથી, ગુરુ નિર્દેશની અનુરૂપ ગુરુપર્વ પર પ્યાર અને સહકાર ભર્યો સ્વર્ગોપમ પરિવાર બનાવવાની સાધનાને પ્રખરતર બનાવવી જોઈએ.

**લોકેષણાનો લોભી ઈશ્વર પ્રેમથી વંચિત રહે છે.**

# જન્મશતાબ્દી પ્રયાજ માટે વિભિન્ન ક્ષેત્રોમાં પરિજનોનો અનેરો ઉત્સાહ

## ૫૧ હજાર ગાયત્રી મહા દિપયજ્ઞ

**ગાયત્રી જ્ઞાન મંદિર જુનાગઢ(ગુજરાત)**

પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી મહોત્સવ ૨૦૧૧-૧૨ અંતર્ગત દિપયજ્ઞની શૃંખલા ચલાવવાનો આદેશ શાંતિકુંજ હરિદ્વાર દ્વારા મળ્યો. જેનું ગાયત્રી જ્ઞાન મંદિર જુનાગઢ ગાયત્રી પરિવારે આ બીડું ઝડપ્યું. તા-૯ મે ૨૦૧૦ ના દિવસે ૫૧ હજાર ગાયત્રી મહા દિપયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. આ મહા દિપયજ્ઞ ભુતનાથ મહાદેવના પ્રાંગણમાં રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના પ્રચાર પ્રસારમાં શ્રી શામજીભાઈ, શ્રીમતી જયાબેન, શ્રી રવિયાભાઈ, શ્રીમતી રીટાબેન, શ્રીમતી મીનાબેનની ટીમે વિવિધ વિસ્તારોમાં અલખ જગાવી લોકોને કાર્યક્રમની જાણકારી આપી. દૈનિક સમાચાર પત્રકોમાં પ્રેસ નોટ આપવાથી પ્રચાર બેવડો બન્યો હતો. કાર્યક્રમની પત્રિકાઓ લગભગ ૪૫૦૦૦ છપાવવામાં આવી હતી. આ પત્રિકાઓના માધ્યમથી જુનાગઢના ઘરે-ઘર અને વ્યક્તિદીઠ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો. શહેરમાં મીડીયમ સાઈઝના ૫૦૦ બેનર મુખ્ય વિસ્તારોમાં લગાડવામાં આવ્યા હતા. લોકોની ભીડવાળા મંદિર કે જાહેર સ્થળોએ ખાસ બનાવેલ મોટા કદના બેનર લગાવવામાં આવ્યા હતા. અહી એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે આ બેનર લગાવવાનું કામ એક ઈસ્લામ ધર્મી સજ્જનની ટીમે પુરી નિષ્ઠા અને પ્રમાણિકતા સાથેકરી બિનસાંપ્રદાયીકતાનું ઉદાહરણ પુરુ પાડ્યું હતું.

આ કાર્યક્રમના એક દિવસ પહેલા સવારે ૭ વાગ્યાથી મહાનગરપાલિકાની ફોજે મેદાનની સફાઈ ઝુંબેશ શરુ કરી હતી. જેમાં ગાયત્રી પરિવારના પરિજનોએ પોતાના હાથમાં સાવરણા, કુહાડી, કોદાળી, પાવડા અને ગામના પરિજનોએ પોતાના ટ્રેક્ટર અને જે.સી.બી આ કાર્યમાં લગાવ્યા હતા. આ શ્રમયજ્ઞમાં લગભગ ૩૦૦ સમયદાની શ્રમદાન કરી રહ્યા હતા. ગાયત્રી શક્તિપીઠ, ગાયત્રી જ્ઞાન મંદિર, ભારતીબેનનું મહિલા મંડળ, નર્મદા બેનનું મહિલા મંડળ, આંબાવાડી મહિલા મંડળ એક જુથ બનીને ખભે ખભો મિલાવીને કોઈપણ જાતના દ્વેષભાવ વગર સંપૂર્ણ પારિવારીક ભાવનાથી મતમતાંતર ત્યજી કાર્યક્રમને સફળ બનાવવાના હેતુસર મનોયોગ પૂર્વક જોડાઈ ગયા હતા.

અંતિમ દિવસ જેની સર્વેજનો ઉત્સુકતા પૂર્વક ચાતકની જેમ રાહ જોઈ રહ્યા હતા તે તા-૯ મે,૨૦૧૦નો દિવસ પણ આવી પહોચ્યો. ભૂતનાથ દાદાનું સાનિધ્ય, પુરૂષોત્તમ માસની અગિયારસને રવિવાર કેવો ત્રિવેણી સંગમ યોગ! સવારે સાત વાગ્યાથી જ પરિજન ભાઈ બહેનો બાકીના કામોને પૂર્ણતા તરફ લઈ જવા તત્પર હતા. નરસિંહ બાપા પેઈન્ટર પરિવારે સુંદર મોટા અક્ષરે દિવાલ પર ગાયત્રી મહામંત્ર અને ૫૧૦૦૦ ગાયત્રી મહાદિપ યજ્ઞ લખી ધોબાખીલીઓ દિવાલમાં ઘરબી દિપકોની નયનરમ્ય હારમાળાથી મઢી દીધો.

૫૧૦૦૦ દિપકોનો સંકલ્પ સાંગોપાંગ સાકાર થયો હતો. પ્રચાર માધ્યમો અને સંપર્કોથી કાર્યક્રમ હેતુની જાણકારી અને વિશેષ આગંતુકોનો પ્રવાહ ઉમટ્યો અને પુછપરછ ચાલી કે મેદાનમાં કેટલા દિવસથી તૈયારી ચાલી રહી છે? જવાબ મળ્યો ગઈ કાલથી. તો સામે પક્ષે આશ્ચર્યની ઉદ્ગારો હતા આટલી ભવ્ય તૈયારી અને એ પણ આટલા ટૂંકા ગાળામાં! આ તો ફક્ત ગાયત્રી પરિવાર જ કરી શકે!!

કર્મકાંડના સૂત્રધાર શ્રી ભરત જાડેજા અને ટીમ તથા પરિવારના ભીષ્મ પિતામહ પથિકજી, ઝોનલ તથા ઉપઝોનલ સંયોજકો શ્રી રાજુભાઈ દવે અને શ્રી જે. વી આચાર્યના આગમને પરિજનોનો જોમ અને જુસ્સો બેવડાઈ ગયો અને ઉત્સાહમાં અનેરો ઉમેરો થયો. દરેક આમંત્રીતોને મિશનના સૂત્રધારના જીવન ચરિત્રથી વાકેફ કરવાના શુભ આશયથી ખાસ બનાવેલ પત્રિકા તેમજ ગુરૂજીની વિચારધારાની ૪૦૦૦ પોકેટ બુકો પ્રવેશ સમયેજ વિનામુલ્યે આપવામાં આવી.

મેદાન ૫૦૦૦ માનવ મેદનીથી ભરચક હતું. દિપક પ્રાગટ્યની ઘોષણા થતા અસંખ્ય ઉત્સાહી લોકો દિપક પ્રજ્વલનમાં પરોવાઈ ગયા. ઘડીમાં તો સુર્ય પ્રકાશની ગેરહાજરીમાં એનો વિકલ્પ પુરવાર થઈ રહ્યા ઝળહળતા અસંખ્ય દિપકો. પરિશ્રમના પરસેવાની બુંદોથી રચાયેલ દિપયજ્ઞ રૂપી પ્રતિમામાં પ્રાણ સંચારનું કામ કર્યુ પ્રખર વક્તા શ્રી ભરતભાઈ જાડેજાની વક્તૃત્વ શક્તિએ.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રમુખશ્રી મહેશભાઈ જોશીએ કર્યુ. પોતાના અવિરત વાણી પ્રવાહ દ્વારા વક્તા તેમજ શ્રોતાને જોડવાની ભૂમીકા તેઓએ બખૂબી નીભાવી હતી.

કાર્યક્રમની જીવંતતા બક્ષી બ્લુસ્ટાર મીડીયા પાર્ટનર શ્રી પપ્પુભાઈ પંડ્યા, અમીતભાઈ પોપટ અને એમની ટીમે. લગભગ ૪૫ કી.મીની પરિમિતિ સુધીના ૨૦૦ ઉપરાંત ગામડાઓના દર્શકો નિહાળી રહ્યા હતા નયન રમ્ય નજારો! લોકોના મુખોમાંથી શબ્દો સરી રહ્યા હતા 'ન ભૂતો ન ભવિષ્યતિ' આ દિવ્ય માહોલના વર્ણન માટે શબ્દ ભંડોળ ટૂંકુ પડે! ભાવના પૂર્વકની ઉપસ્થિતિથી જ એને માણી શકાય. ✸

## પુરુષોત્તમ માસમાં ગાયત્રીમય બનતી બહેનો

**માધાપર(કચ્છ):-** પરમ પૂજ્ય ગુરુદેવની જન્મ શતાબ્દીની ઉજવણીની પૂર્વ સંધ્યાએ પુરુષોત્તમ માસની ઉપાસના કરનાર પુરુષોત્તમ



મહિલા મંડળની બહેનોના ઉપક્રમે માઁ ભગવતી મહિલા મંડળ શાખાના સહયોગથી ગામના રામવાડી બજારના ચબૂતરામાં ગાયત્રી યજ્ઞનું આયોજન રાખવમાં આવ્યું હતું.

યજ્ઞના કર્મકાંડનું સંચાલન કરતા શ્રીમતી નિતિશાબેન દવેએ યજ્ઞનું મહત્વ સમજાવી મહિલાઓને નિત્ય બલિવૈશ્ય યજ્ઞ કરવા જણાવ્યું હતું. ઉપરાંત બાળકોમાં સંસ્કાર, કુટુંબમાં સુમેળ જળવાઈ રહે અને જીવનમાં સારા ગુણો અપનાવી ફેશન, અંધશ્રદ્ધા, ખોટા ખર્ચા ત્યજવા ભાર પૂર્વક સમજાવ્યું હતું.

આ યજ્ઞની વિશેષતાએ હતી કે સમગ્ર યજ્ઞ કાર્ય સંગીતમય શૈલીમાં સ્વાધ્યાય સાથે સંપન્ન કરવામાં આવેલ જેથી કાર્યક્રમમાં વિશેષ આકર્ષણ રહ્યું હતું. શ્રી બાબુભાઈ સૌડગરે મહિલા શાખાની પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી. સંગીતમાં શ્રી સુરેશ સાધુ, શ્રી શશીકાન્ત વ્યાસ, મનોજ હિરાણી, શ્રી દિનેશભાઈની સંગીત ટોળીએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમમાં મોટા પ્રમાણમાં ધાર્મિક ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા શ્રી કાન્તાબેન, શ્રી વેલુબેન, શ્રી રમિલા બેન, શ્રી શારદાબેન, કુ. જ્યોતિ વિગેરેએ જહેમત ઉઠાવી હતી. ✸

## શ્રીમદ્ ભાગવત કથા તથા કન્યા-કૌશલ શિબિર

**આણંદ(ગુજરાત)**

તા-૧૫ થી ૨૦મે-૧૦ના દિવસે ડી. એન. હાઈસ્કુલ ગ્રાઉન્ડ આણંદમાં કન્યા કૌશલ શિબિર અને શ્રીમદ્



આણંદ કન્યાકૌશલ્ય શિબિરમાં ભાગ લઈ રહેલ સમસ્ત ગુજરાતની બહેનો

ભાગવત કથા વૃંદાવન ગ્રાઉન્ડ આણંદમાં ૨૧ થી ૨૭મે-૧૦ના દિવસે ખૂબજ આનંદ ઉત્સાહથી સંપન્ન કરવામાં આવેલ.

આ ભગીરથ જ્ઞાનયજ્ઞની સફળતા માટે શ્રીમતી હેમાબેન રશ્મિભાઈ પટેલ(અમેરીકા) હાલ આણંદ દ્વારા તન-મન-ધનથી મદદ મળી હતી. તેમજ અથાક પરિશ્રમ હર્ષદભાઈ ભટ્ટ તથા તેમની ટીમનો રહ્યો હતો. ઉપરાંત ડી. એન. સ્કુલના આચાર્ય શ્રી નિરવભાઈ તથા કેતનભાઈનો પણ શૈક્ષણિક રીતે પ્રેરણાદાયી સહયોગ રહ્યો હતો.

કન્યા-કૌશલ શિબિર તથા શ્રીમદ્ ભાગવત કથાનું સફળ સંચાલન શ્રીમતી રશ્મિબેન ભગત દ્વારા કરવામાં આવ્યું. આ આયોજનનો લાભ ઉપસ્થિત ૩૦૦૦ કન્યાઓના જીવનને સંસ્કારરૂપી ધન દ્વારા મળ્યો હતો. ઉપસ્થિત કન્યાઓને પંચદેવ લેમીનેશન ચિત્ર, મારું વીલ અને વારસો પુસ્તક, ૨૪૦૦ મંત્રવાળી મંત્રલેખન બુક, ઉપવસ્ત્ર, નોટબુક, પેન તેમજ માળા ઉપહાર સ્વરૂપે આપવામાં આવેલ. શ્રીમદ્ ભાગવત કથાનું પ્રથમ જીવંત પ્રસારણ થતાં લાખો ભક્તોને લાભ મળ્યો હતો. આ ભગીરથી કાર્ય માટે શ્રદ્ધાવાન પ્રજ્ઞા પરિજનોનો સહયોગ મળ્યો હતો. ✸

## યુવક-યુવતીઓના વ્યક્તિત્વ વિકાસ અને કારકિર્દી ઘડતર શિબિર

**અંબાજી, (ગુજરાત)**

ગુજરાતના અંબાજીક્ષેત્રે ગાયત્રી તીર્થમાં તા-૧ થી ૧૦મે-૧૦ના દિવસોમાં પ્રથમ પાંચ દિવસ યુવતીઓ માટે અને પાછળના પાંચ દિવસ યુવાનો માટે વ્યક્તિત્વ વિકાસ અને કારકિર્દી ઘડતર શિબિરોનું સુંદર આયોજન રાખવામાં આવ્યું હતું. યુવા-યુવતીઓના સર્વાંગી વિકાસ સાથે તેમના વ્યક્તિત્વનો સંપૂર્ણ વિકાસ થાય અને કારકિર્દી બનાવવા માટે યોગ્ય માર્ગદર્શન મળે તે હેતુથી નિત્ય યોગ તથા વ્યક્તિત્વ વિકાસ કેમ અને કેવી રીતે, કારકિર્દીનું ઘડતર કેવી રીતે, આવો જાણીએ ભારતીય સંસ્કૃતિ, વ્યસનોની ભયંકરતા, મનની અપાર શક્તિઓ, વૈજ્ઞાનિક અધ્યાત્મ, જીવન જીવવાની કળા, સફળતાના સોનેરી સુત્રો, જિનિયસ બનવું છે? મુંજવણ અને માર્ગદર્શન વગેરે વિષયો ઉપર વિવિધ વક્તાઓ દ્વારા ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આયોજીત શિબિરમાં સવારે ૪ કલાકે જાગરણ, સ્નાન, સંધ્યા, પૂજા, જપ અને નિત્ય યોગ સાથે વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા યુવા-યુવતીઓમાં પડેલી શક્તિઓનું જાગરણ કરવાની તક પુરી પાડવામાં આવી હતી.

આ બંન્ને શિબિરમાં ૪૦ યુવતીઓ અને ૫૨ યુવાનોએ ભાગ લીધો હતો. શિબિરની તમામ વ્યવસ્થા ગાયત્રી તીર્થ અંબાજીએ નિ:શુલ્ક કરી હતી. ગાયત્રી તીર્થના તમામ સમયદાની ભાઈ-બહેનોએ શિબિરને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. ✸

## ગાયત્રી શક્તિપીઠ લાંઘણજનો પ્રથમ પાટોત્સવ

**લાંઘણજ, (મહેસાણા)**

ગાયત્રી શક્તિપીઠ લાંઘણજ ખાતે ગત વર્ષે પ્રાણ પ્રતિષ્ઠા તા-૨૪મે-૧૦ના દિવસે કરવામાં આવેલ જેને એક વર્ષ પૂર્ણ થતા પાટોત્સવનું આયોજન રાખવામાં આવ્યું હતું. શ્રી પ્રવિણભાઈ પંચાલ ના નેતૃત્વ નીચે મહેસાણા ઉપઝોન કેન્દ્ર મહેસાણા ગાયત્રી શક્તિપીઠથી ટોળી ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ તથા મહાપૂજાની કાર્યવાહીનું સંચાલન કરવા આવી હતી.



ગામની ધર્મપ્રેમી જનતાએ પણ પૂરો સહયોગ આપી આયોજનને ભવ્ય રીતે સફળ બનાવવામાં મદદ કરી હતી. આ યજ્ઞમાં ગામના સેંકડો લોકોએ પોતાની આહુતિઓ અર્પણ કરી હતી.

આ આયોજનને સફળ બનાવવામાં મુખ્યત્વે શ્રી વિષ્ણુભાઈ, શ્રી સુરેશભાઇ, શ્રી ગોરધનભાઈ, શ્રી પરસોત્તમભાઈ, શ્રી જેસંગ ભાઈ તથા શ્રી અમરતભાઈ એ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. ✸

**કર્મની પૂજા જ પરમાત્માની સાચી ઉપાસના છે.**

# જન્મ શતાબ્દી વર્ષ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન

## શ્રીમદ્ પ્રજ્ઞા પુરાણ કથા તેમજ ૧૦૮ સામૂહિક સત્યનારાયણ વ્રતકથાનું આયોજન

**નાશીક(મહારાષ્ટ્ર)**

ગાયત્રી પરિવાર નાશીક દ્વારા તા-૨૩ થી ૨૮ એપ્રિલ-૧૦ સુધી શ્રીમદ્ પ્રજ્ઞા પુરાણ કથા તેમજ ૧૦૮ સામુહિક સત્યનારાયણ વ્રતકથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા-૨૩ એપ્રિલના દિવસે સવારે મંગલ કળશ યાત્રા ગોદાવરી નદીના કાંઠે રામકુંડથી કાઢવામાં આવેલ, જેમાં સેંકડો ભાઈ-બહેનો દ્વારા પોથી તથા કળશ સાથે ઝાંખી કાઢવામાં આવી હતી. સાંજે ૪ વાગે સામુહિક ૧૦૮ સત્યનારાયણ કથાની શરૂઆત કરી તેનું સંચાલન અમદાવાદના બ્રહ્મવાદીની બહેનશ્રી કુ. સરોજબાલા બ્રહ્મભટ્ટે તેમની તેજસ્વી વાણીથી, સંગીત સાથે ભાવવિભોર બની કથાનુ રસપાન કરાવ્યું. બપોરે ધ્વજારોપણ નાશીકના ઉપમેયર સૌ. દેવયાનીબહેન ફરંદેના હાથે કરાવવામાં આવેલ. આટલી ગરમીમાં વિશાળ મેદની જોઈને ઉપમેયર વિચારવા લાગ્યા અને ગુરુદેવનું એક સુત્ર તેમણે સાહિત્ય સ્ટોલ ઉપરથી વાંચીને બોધ પાઠ આપ્યો કે મન:સ્થિતી બદલાય તો પરિસ્થિતી પણ બદલાય છે.

બીજા દિવસે હરિદ્વારના ટોળીનાયક શ્રી અરૂણજીએ પ્રજ્ઞા પુરાણ કથાને માર્મિક ભાષામાં સમજાવી લોકોને આનંદિત કરેલ. સતત પાંચ દિવસ તેમણે કથાનું રસપાન કરાવ્યું હતું, સાથે સાથે સવારે ધ્યાન અને નવકુંડી ગાયત્રી યજ્ઞ, વિવિધ સંસ્કારો તથા તર્પણ વિધિ, ગુરુદીક્ષા, પુસવન સંસ્કાર વગેરે સંસ્કારોનું સફળ આયોજન કરેલ.

આ કાર્યક્રમની પૂર્ણાહુતી દીપયજ્ઞની માધ્યમથી કરવામાં આવી. યુગ સાહિત્યને જન-જન સુધી પહોચાડવામાં આવ્યું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પરિજન શ્રી અમૃતભાઈ પટેલ, શ્રી જયંતિભાઈ પટેલ, શ્રી કાન્તીભાઈ, શ્રી ત્રિભોવનભાઈ, શ્રી વિષ્ણુભાઈ તેમજ રામાવત પરિવારે ખૂબ જહેમત ઉઠાવી હતી.

## ગાયત્રી પરિવાર ગાંધીનગર દ્વારા યોજાયેલ વિવિધ કાર્યક્રમો

**ગાંધીનગર(ગુજરાત)**

ગાયત્રી પરિવાર ગાંધીનગર દ્વારા છેલ્લા ત્રણ માસમાં પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મશતાબ્દી વર્ષને અંતર્ગત પરમ પૂજ્ય ગુરૂદેવનું સાહિત્ય સદ્‌વિચારોની પુસ્તિકાઓ જ્ઞાન રથના માધ્યમથી ગાંધીનગર તાલુકાના કુલ ૨૯ ગામોમાં ઘેર-ઘેર જઈને પહોંચાડવામાં આવેલ છે, જેની અંદાજી કિંમત રૂપિયા ૧ લાખની થાય છે. પોકેટ બુકની કિંમત રૂ. ૩/- છે જેને ફક્ત ૧ રૂપિયામાં ગ્રામ્ય વિસ્તાર માં આપવામાં આવે છે. ૧૦ પુસ્તિકાઓ એક પેકેટમાં હોય છે જેને ફક્ત ૧૦ રૂપિયામાં આપવામાં આવે છે. આ બ્રહ્મભોજના દાતા શ્રી મોહનભાઈ ઝવેરભાઈ પટેલ છે. સાહિત્યને ઘરે-ઘર પહોંચાડવામાં શ્રી આદેસરાભાઈ, શ્રી મોહનભાઈ પટેલ, શ્રી ગોવિંદભાઈ નાયી, શ્રી કે.પી. પરમાર, મંજુલાબેન વિરાણી, પારૂલબેન પટેલ, શ્રી ચેતનભાઈ અદેસરા, ઉમેદભાઈ પટેલ, મનોજભાઈ વગેરેની ટીમ છે જે દર શનિવારે અને સોમવારે સવારના ૮ થી ૧ વાગ્યા સુધી ગામમાં ફરી ફરીને સાહિત્ય વિતરણ કરે છે.

શાળાઓના વેકેશન પહેલા અંદાજીત ચોવીસ ગામોમાં દેવકન્યાઓ દ્વારા એક-પાંચકુંડીય યજ્ઞ કરાવવામાં આવે છે જેમાં શ્રીમતિ જશુબેન ઠક્કર, ભારતીબેન પટેલ, હીરાબેન નાયી, પુષ્પાબેન પરમાર, કાન્તાબેન ઓઝા, કૈલાસબેન પટેલ, કુન્દનબેન પટેલ, વસુબેન ગોરીલ, ગોવિંદભાઈ પટેલ, નટુભાઈ પટેલ, પી.એમ. પટેલ, બી.એસ. ઠક્કર, ગોવિંદભાઈ નાયી, કે.પી. પરમાર વગેરે પરિજનો દ્વારાઆ યજ્ઞ સંપન્ન કરવાય છે.

દરેક ગામે સિવિલ હોસ્પીટલના માન. ડોક્ટરશ્રી તથા કર્ણાવતી ડેન્ટલ હોસ્પીટલના ડોક્ટરશ્રી દ્વારા નેત્રયજ્ઞ-દંતયજ્ઞ નિ:શુલ્ક કરાવવાની પ્રવૃત્તિ ચાલુ કરવામાં આવી છે. ફક્ત ૨૦ રૂપિયામાં ચશ્મા આપવામાં આવે છે અને મોતીયાવાળાના ઓપરેશન કરી નેત્રમણી પણ મફત આપવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા માટેની દરેક પ્રકારની પ્રવૃત્તિઓ ગાંધીનગરના પરિજનો તરફથી કરવામાં આવે છે. યુગ શક્તિ ગાયત્રી-અખંડ જ્યોતિના ગ્રાહકો દર વર્ષે ૧૫૦૦ જેટલા કરવામાં આવે છે. ગાયત્રી શક્તિપીઠ પર દરરોજ વિશ્વકલ્યાણ હેતું સવારે ૮ થી ૯ કલાકે યજ્ઞ સંપન્ન કરાવવામાં આવે છે. ધો-૧૦ અને ૧૨માં પ્રથમ ૧૦ નંબરે આવેલ તેજસ્વી તારલાઓનું બહુમાન પાટોત્સવ નિમિત્તે તા-૧૩ જુન-૧૦ના રોજ કરવામાં આવ્યું હતું. ગાયત્રી પરિવાર ગાંધીનગર અને ધરમપુર ગામના સ્વાધ્યાય પરિવાર દ્વારા હરિદ્વાર ખાતે સવાલક્ષ ગાયત્રી મંત્રનું સામુહિક અનુષ્ઠાન કરવામાં આવેલ છે અને ૩૦,૦૦૦ રૂપિયાનું અનુદાન હરિદ્વાર ખાતે કરવામાં આવેલ છે.

## પંગુ લંઘયતે ગિરિમ્

**ભાવનગર(ગુજરાત)**

પંગુ લંઘયતે ગિરિમ... આ શ્લોક વરસોથી બોલતા-સાંભળતા આવ્યા છીએ, જેનો અર્થ થાય છે કે તેની કૃપાથી પંગુ પર્વત ઓળંગી જાય છે! વાસ્તવમાં આવું બનતું જોવામાં આવ્યું છે ખરૂ?

આ પંક્તિને સાચી કરી બતાવી છે ભાવનગરના શ્રી બાબુભાઈ મકવાણાએ. શ્રી બાબુભાઈ મકવાણા શારીરિક રીતે અશક્ત છે, અપંગ છે. સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રમાં અધિકારીની જવાબદારી પૂર્ણ કરી આરામ નહીં કરતા, ટ્રાયસીકલની મદદથી સતત ગુરૂકાર્ય કરતા રહે છે. યજ્ઞ કરાવવા જાય છે. યુગ શક્તિ ગાયત્રીના ૧૨૫ જેટલા અંકો પણ આપવા જાય છે. પરંતુ સૌથી મોટી વાત છે તેમના મંત્ર લેખન અભિયાનની. શ્રી બાબુભાઈએ ૨૪ લાખ મંત્રલેખન બે વખત, ત્યાર બાદ ૫૧ લાખ મંત્રલેખનનો સંકલ્પ પુર્ણ કર્યો છે. હાલમાં તેમનો સવા કરોડ મંત્રલેખનનો સંકલ્પ છે. જે પૈકી એક કરોડ પંદર લાખ જેટલા મંત્ર લેખન પૂર્ણ પણ થયા છે.

શ્રી બાબુભાઈની સંકલ્પ શક્તિને બિરદાવવા તેમજ અન્ય સશક્ત પરિજનોને તેમના પરથી પ્રેરણા મળે તે માટે ભાવનગરમાં પ્રબુદ્ધ વર્ગ માટે કાર્યરત પ્રખર પ્રજ્ઞા પરિવાર દ્વારા તા-૧૧ એપ્રિલના દિવસે બપોરના ૩ થી ૬ કલાકે અહીંના શ્રી રામ મંદિરમાં યોજાયેલ ૨૪ કુંડીય ગાયત્રીયજ્ઞમાં શ્રી બાબુભાઈનું સન્માન શાલ સાથે ૨૪ કુંડીય ગાયત્રી યજ્ઞમાં લખાયેલ મંત્ર લેખન બુક આંશિક સહયોગના રૂપમાં વરિષ્ઠ કાર્યકર શ્રી ચંદ્રશેખરભાઈ શુક્લએ કર્યું હતું, જેને હાજર રહેલ તમામ ભાઈ-બહેનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું. પ્રત્યુતરમાં શ્રી બાબુભાઈએ 'મુકં કરોતિ વાચાલમ્...' કહીને પરમ પૂજ્ય ગુરૂદેવના આશીર્વાદથી જ મારા તમામ સંકલ્પ પૂર્ણ થઈ રહ્યા છે તેમ જણાવેલ.

યજ્ઞ નિમિત્તે ભાવનગરના વરિષ્ઠ કાર્યકર શ્રી માર્કન્ડભાઈ ત્રિવેદી કે જેઓ છેલ્લા ૨૬ વર્ષથી સુભાષનગર વિસ્તારમાં અવિરત પણે પ્રાર્થના કેન્દ્ર ચલાવી રહ્યા છે તેમના માતૃશ્રી પૂજ્ય મંગળાબહેનનું અવસાન થતા તેમની આત્માની શાંતિ માટે મહામૃત્યુંજય મંત્રની વિશેષ આહુતિઓ આપવામાં આવી હતી.





વિકલાંગ-શ્રી બાબુભાઈ મકવાણાનું સન્માન કરી રહેલ શ્રી ચંદ્રશેખર શુક્લ

## પાલીતાણા શક્તિપીઠના ૨૦મા પાટોત્સવની ઉજવણી

**પાલીતાણા (ગુજરાત)**

જૈનોના તીર્થસ્થાન પાલીતાણાના પંડીત શ્રી રામશર્મા આચાર્ય માર્ગ પર આવેલા શ્રી ગાયત્રી પ્રજ્ઞા મંદિર છેલ્લા ૨૦ વર્ષથી જાગૃતિ કેન્દ્ર તરીકે કાર્યરત છે. અહીં સંસ્થા દ્વારા બાલ સંસ્કાર કેન્દ્રમાં શૈક્ષણીક વર્ગ સાથે કમ્પ્યુટર વર્ગ જેવી શીક્ષણની સહાયક પ્રવૃત્તિઓ ચાલે છે. યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના ૫૦૦ જેટલા સદસ્ય છે. ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં બે હજાર જેટલા વિદ્યાર્થીઓ જોડાય છે.

આસો વદ આઠમના રોજ સંસ્થાની સ્થાપનાને ૨૦ વર્ષ પૂરા થતા હોઈ તે નીમીત્તે પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે સંસ્કાર-સન્માન સમારોહનું આયોજન પણ રાખવામાં આવ્યું હતું. જેમાં છેલ્લા ૨૦ વર્ષથી મંદિરને સાફસુફ રાખતા માડી શ્રીમતી ધકુમાની વધતી જતી ઉંમર સાથે ઘટતા જતા સ્વાસ્થ્યના કારણે નિવૃત્ત થતા સંસ્થા વતી તેમનું સન્માન શ્રીમતી ભદ્રાબેન સોમપુરાએ શાલ સાથે રોકડ રકમ ભેટ આપી કર્યું હતું. છેલ્લા દસ વર્ષથી પરિવ્રાજક તરીકે ફરજ બજાવતા શ્રી બળવંતભાઈ પુરોહિતનું શાલ સાથે ભેટરૂપે રકમ આપીને તેમજ પ્રજ્ઞાપુરાણ પર નિબંધ લખનાર ડૉ.શ્રી પંકજભાઈ ત્રિવેદીને સદ્‌સાહિત્ય સાથે રોકડ રકમ ભેટરૂપે આપી ડૉ. શ્રી વિપીનભાઈ ત્રિવેદીએ સન્માન કર્યુ હતું. ઉપરાંત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં સહયોગ આપનાર શિક્ષક મિત્રોનું સદ્‌સાહિત્ય અને સન્માનપત્ર પરિવારના ભાઈ-બહેનો દ્વારા આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

## રેલવે ગાર્ડનું સ્ટીકર અભિયાન

**ગાંધીધામ (ગુજરાત)**

રેલવેમાં મેઈલ ગાર્ડ તરીકેની ફરજ બજાવી રહેલ શ્રી દિલીપકુમાર સાંકલા જેઓ હેડક્વાર્ટર - ગાંધીધામ(કચ્છ)થી રેલ્વેમાં ગાર્ડ તરીકેની ફરજ બજાવી રહ્યા છે. ચાલુ ફરજ દરમ્યાન રસ્તામાં આવતા દરેક રેલવે સ્ટેશન પર પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી નિમિત્તે સ્ટીકર અભિયાન ચલાવી રહ્યા છે ઉપરાંત સદ્‌સાહિત્યનો પ્રચાર પ્રસાર કરીને શ્રવણકુમાર જેવી ભૂમિકા નિભાવી રહ્યા છે.

તા- ૨૯ મે-૧૦ના દિવસે તેમના મકાનનું ભૂમિ-પૂજન, વાસ્તુ પૂજન ગાયત્રી યજ્ઞ દ્વારા કરવામાં આવેલ, જેનું સંચાલન કેન્દ્રિય પ્રતિનિધિ શ્રી રમાકાન્તભાઈ તથા ગાંધીધામ ગાયત્રી શક્તિપીઠના વ્યવસ્થાપકશ્રીના સહયોગથી કરવામાં આવેલ. આ ગાયત્રી યજ્ઞમાત્ર યજ્ઞ ન હતો, તેમાં નિષ્કલંક અવતારના બેનર લગાવીને કાર્યમાં ભાગ લઈ રહેલ તમામ ભાઈ-બહેનોને શાંતિકુંજની ભૂમિકા તથા પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી નિમિત્તે આપણા કર્તવ્યનો બોધ કરાવીને યજ્ઞના આધ્યાત્મિક અને વૈજ્ઞાનીક પદ્ધતિના સમન્વયની સમજણ આપવામાં આવી હતી, ઉપરાંત સમયદાન, અંશદાન, ધર્મઘટ, જ્ઞાનઘટ, બલિવૈશ્વ અને સ્ટીકર અભિયાનની વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.

## નવી ત્રિમાસિક સંગીત પ્રશિક્ષણ શિબિર
### ૦૧લી જુલાઈ-૨૦૧૦ થી આરંભ

**છેલ્લા કેટલાક વર્ષોથી શાંતિકુંજમાં ચાલી રહેલ ત્રિમાસિક યુગ સંગીત પ્રશિક્ષણ શિબિરની હારમાળા અંતર્ગત નવી શિબિર આગામી ૦૧ લી જુલાઈ-૨૦૧૦ થી આરંભ થવા જઈ રહેલ છે. તેમાં તાલીમાર્થીઓને સંગીતમય શૈલીમાં કથા-પ્રવચનોની શૈલી શિખડાવવામાં આવે છે. આ શિબિર કેવળ ભાઈઓ માટે જ છે. એમાં એ ભાઈઓ ભાગ લઈ શકે છે કે જેઓ:-**

- **શાંતિકુંજમાં એક માસની અથવા પરિવ્રાજક શિબિર કરી ચુક્યા છે.**
- **ડફલી, હારમોનિયમ, તબલા અથવા નાલની આરંભિક જાણકારી ધરાવે છે.**
- **પ્રાદેશિક ટોળીઓ યા શક્તિપીઠ પર સંગીત ક્ષેત્રમાં સમયદાન આપે છે.**
- **જેમની ઉંમર ૨૦ થી ૪૫ વર્ષની વચ્ચે છે.**

**આ સૂચના પરિજનોને મળે ત્યાં સુધી શિબિરનો આરંભ થઈ જશે. છતાં પણ જે પરિજનો ઉપરોક્ત શરતે સાચા હોય, અને તે પરિજનો જો ભાગ લેવા ઈચ્છા ધરાવતા હોય તો, તેઓ પોતાની પૂરેપૂરી માહિતી શાંતિકુંજના સંગીત વિભાગને મોબાઈલ નંબર-૦૯૩૫૮૧૧૯૯૧૦ પર તાત્કાલિક આપી દે અને મંજૂરી મળ્યા પછી જ અહીં પહોંચવાની વ્યવસ્થા બનાવી લે.**



**જમાનો ત્યારે બદલાશે, જ્યારે આપણે સ્વયં બદલાઈશું.**

# પુસ્તકમેળા તથા યજ્ઞના આયોજનો દ્વારા પરિજનોમાં પ્રગટ્યો નવો ઉત્સાહ

## પુસ્તકમેળાની બુદ્ધિજીવીઓએ પ્રશંસા કરી

**લુધિયાણા(પંજાબ)**

લુધિયાણામાં પ્રથમવાર યુગ સાહિત્ય પુસ્તક મેળાનું આયોજન થયું. આમાં વિદ્યાર્થીયોં માટે પૉકેટ



લુધિયાના (પંજાબ)

બુક્સ, નારી જાગરણ અને નશામુક્તિ માટે સાહિત્ય અને વેદોની ખૂબ માંગ રહી. પંજાબી સાહિત્ય અને સ્ટીકર પણ ખૂબ વહેંચાયા હતા.

પુસ્તક મેળાનો શુભારંભ નવકુંડીય ગાયત્રી યજ્ઞથી થયો. શાંતિકુંજ પ્રતિનિધિ ડૉ. બૃજમોહન ગૌડએ કહ્યું કે પૂજ્ય આચાર્યશ્રી સ્વયં જ્ઞાનમૂર્તિ છે, વેદમૂર્તિ છે. તમે પુસ્તક મેળામાંથી તેમનું કોઈપણ પુસ્તક લઈ જાઓ, તેનુ અધ્યયન કરો, જો તમને તેમના વિચાર સારા લાગે તો પૂજ્ય આચાર્યશ્રી ના જીવન સાથે જોડાઈ તેમની પ્રેરણાઓને અપનાવવાનો પ્રયાસ કરો.

આ પહેલા મેયર શ્રી પ્રવિણ બંસલે પુસ્તક મેળાનું ઉદ્ઘાટન કર્યું. તેમને કહ્યું કે આટલું બધું વિપુલ સાહિત્ય લખવું કોઈપણ વ્યક્તિના હાથની વાત નથી. જેના રચયિતા પૂજ્ય આચાર્યજી નિ:સંદેહ એક અવતારી સત્તા છે.

મેળામાં પંજાબ વિધાનસભાના અધ્યક્ષ, જીલ્લાના ત્રણ વિધાયક, મેયર, ડેપ્યુટી મેયર સહીત અનેક ગણમાન્ય વ્યક્તિ પધાર્યા હતા. ૭૦૦૦ લોકોએ આ પ્રદર્શન જોયું, જેમાં થી અડધા કરતા વધારે ગાયત્રી પરિવારથી પરિચિત ન હતા. મેયરશ્રીએ ગાયત્રી ચેતના કેન્દ્રમાટે જગ્યા અપાવવા ખાત્રી આપી.

જનતાની માંગ જોતા વેળાસર ફરી પુસ્તક મેળો કરવાનો સંકલ્પ કર્યો. જાલંધરમાં પણ પુસ્તક મેળો કરવાનો નિર્ણય થયો. ૧૦ દિવસના મેળામાં પઠાણકોટ, કપૂરથલા, રોપડ, જાલંધર, કરનાલ, મોહાલી, ચંડીગઢ તેમજ હિમાચલના સ્વયંસેવકોએ પણ સેવાઓ પ્રદાન કરી.

**કાનપુર(ઉત્તર પ્રદેશ)**

કિદવઈ નગર, કાનપુરના કે.કે ગર્લ્સ ઈંટર કોલેજના વિશાળ પરિસરમાં એક ભવ્ય પુસ્તક મેળો સંપન્ન થયો. તેનું ઉદ્ઘાટન કેન્દ્રીય મંત્રીશ્રી પ્રકાશ જયસ્વાલે કર્યુ.

આ પુસ્તક મેળામાં કોલેજોના અધ્યાપક તથા વિદ્યાર્થીઓની ભાગીદારી વિશેષ રૂપે રહી. સાંજના સમયે વિભિન્ન વર્ગો હેતું સેમીનારોનું આયોજન કર્યુ હતું. નિષ્ણાતો દ્વારા આરોગ્ય, મનોવિજ્ઞાન, કેરિયર, પરિવાર નિર્માણ બાબતમાં મહત્વપૂર્ણ વ્યવહારિક માર્ગદર્શન આપવામાં આવ્યું.

નગરના વિભિન્ન એન.જી.ઓ. ને વિશેષ રૂપે આમંત્રિત કર્યા હતા. સૌએ પોતાની ગતિવિધિઓ તથા ઉદ્દેશ્ય વિશે વિસ્તારથી સમજાવ્યું. ઉપસ્થિત જનમાનસે આનો લાભ લીધો અને પોતાની ઉત્સુકતા બતાવી. આને સફળ બનાવવા માટે દરેક પ્રજ્ઞા અને મહિલા મંડળોએ આબોહવાની પ્રતિકૂળતા હોવા છતાં રાત-દિવસ પરિશ્રમ કરી ગુરૂસત્તા પ્રત્યે પોતાની સક્રિય શ્રદ્ધાનો પરિચય આપ્યો.

**ધનબાદ(બિહાર)**

ગાયત્રી શક્તિપીઠ બસ્તાકોલાએ મહારાજ અગ્રસેન ભવન, હિરાપુરમાં તા-૧૬ થી ૨૫ એપ્રીલના દિવસોમાં પુસ્તકમેળાનું આયોજન કરીને સંપૂર્ણ ક્ષેત્રમાં વિચાર ક્રાંતિની ઉમંગ જગાવી દીધી. હજારો દર્શનાર્થિઓની સાથે અનેક વિદ્વાન પુસ્તક મેળામાં આવ્યા અને પોતાની ટિપ્પણીથી યુગ સાહિત્ય પ્રત્યે જન-જનની શ્રદ્ધા જગાવી.

કળશ યાત્રના સમયે મુખ્ય અતિથિ શ્રી ટી. કે. લાહરી-સી.ડી.એમ. ભારત કોકિંગ કોલ ઈ. લિ. એ પરમ પૂજ્ય ગુરૂદેવને આખાય વિશ્વના મસીહા જણાવતા એમના સાહિત્યને બી. સી. સી. એલ. ના બધા પદાધિકારીઓ અને કર્મચારીઓ સુધી પહોંચાડવાનો અનુરોધ કર્યો.

પુસ્તક મેળાનું ઉદ્ઘાટન પ્રાંતના કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી મથુરા પ્રસાદ મહતોએ કર્યુ. તેમને જીલ્લાના દરેક તાલુકાઓ અને ગ્રામપંચાયતોમાં આવા પુસ્તકમેળા લગાડવાનો અનુરોધ કર્યો અને તે માટે ગાયત્રી પરિવારને પૂર્ણ સહયોગ આપવાની વ્યવસ્થા કરી.



કાનપુર (ઉ.પ્ર.)



ધનબાદ-બિહાર

વિધાયક શ્રી મન્નાન મલ્લિકે એ વાત પર પ્રસન્નતા વ્યક્ત કરી કે ગાયત્રી પરિવાર બધા ધર્મ અને વર્ગો વચ્ચે એકતા સ્થાપિત કરી રહ્યો છે.

શ્રી વિજય શંકર સિંહ ન્યાયાધીશ એ.ડી.જે-૧, ધનબાદ એ કહ્યું કે પૂજ્ય ગુરૂદેવનું એક-એક પુસ્તક જીવનને બદલી દેવા સમર્થ છે. કાર્યક્રમમાં વિશિષ્ટ મહાનુભાવો સતત આવતા જ રહ્યા. કાર્યક્રમની પૂર્ણાહુતિ ૧૦૦૮ દીપમહાયજ્ઞની સાથે થઈ.

## યજ્ઞમાં દુર્વ્યસનોની પૂર્ણાહુતિ કરી

**ખાચરોદ-ઉજ્જૈન(મધ્ય પ્રદેશ)**

ગાયત્રી પરિવાર શાખા ખાચરૌદે તા-૧૫ થી ૧૯ એપ્રીલના દિવસોમાં કમઠાન ગામમાં પાંચ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ સંપન્ન કરાવ્યો હતો. જેમાં યુગ સાહિત્ય પ્રદર્શની



પણ લગાવવામાં આવી હતી, લોકોએ ૪૫૦૦૦થી પણ વધું કિંમતનું સાહિત્ય ખરીદ્યું હતું.

ડો. નરસિંહ શર્મા, રાકેશ સોની, શ્રીમતી રેણુ સોની વિગેરેના પ્રયાસોથી મોટી સંખ્યામાં ગામના નર-નારીઓએ દેવસ્થાપન કરાવી જુદા-જુદા દુર્વ્યસનોને છોડવાના સંકલ્પ લીધા હતા. યજ્ઞ સંયોજક શ્રી લક્ષ્મીનારાયણ ગેહલોત, રામજીલાલ, પ્યારચંદ, શાંતિલાલ વગેરેએ લોકોને ગુરૂદેવની દિવ્ય ચેતનાના અનુદાન-વરદાન મેળવવા માટે તેમના વિચારો સાથે જોડાવા આહ્વાન કર્યુ હતું. ખાચરોદ ગાયત્રી પરિવાર દ્વારા સ્ટીકર અભિયાન ચલાવવામાં આવ્યું હતુ જેને મોટી સફળતા મળી હતી.

## સામુહિક અનુષ્ઠાનથી એકાગ્રતા વધી

**છિપેટી, ઈટાવા(ઉ.પ્ર.)**

શ્રી સનાતન ધર્મ સરસ્વતી વિદ્યા મંદિરે પોતાના વિદ્યાર્થીઓ માટે ૪૫ દિવસીય ગાયત્રી સાધના અનુષ્ઠાન આયોજીત કરેલ. આ અનુષ્ઠાનની પૂર્ણાહુતિ ૧ એપ્રિલના દિવસે રાખવામાં આવી હતી. જેમાં ધોરણ ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થી સવારે ૭ થી ૮ વાગ્યા સુધી સામુહિક જપ કરતા હતા.

વિદ્યાલય પરિવારની માઁ ગાયત્રી પ્રત્યે ખૂબ શ્રદ્ધા છે. યજ્ઞ સંચાલક શ્રી રામ પ્રકાશ તિવારીએ કહ્યું કે સાધનાથી વિદ્યાર્થીઓની બુદ્ધિ એકાગ્ર બને છે, તેઓ અનુશાસન પ્રિય બને છે તેમજ સદ્ગુણોની વૃદ્ધિ થાય છે. વિદ્યાલયના મંત્રી ડૉ. વિદ્યાકાંત તિવારીએ કહ્યું કે આ સાધના સત્રને આયોજીત કરવાનો ઉદ્દેશ વિદ્યાર્થીઓની આંતરિક ક્ષમતાઓને વિકસીત




કરવાનો છે.

મૌન સાધક શ્રી હૃદયનારાયણ તિવારીએ ઈશારાના માધ્યમથી પોતાના વિચારો વ્યકત કર્યા. પ્રધાનાચાર્ય શ્રી રવીન્દ્ર નારાયણ ચૌધરીએ આભાર પ્રગટ કર્યો હતો. સર્વશ્રી લક્ષ્મીકાંત દીક્ષીત, ગણેશ ભદૌરિયા, સુશ્રી અર્ચના વગેરેની સક્રીય ભૂમિકા રહી હતી.

## વાંગ્મય સ્થાપના તથા ચિકિત્સા શિબિર

**કરનૈલગંજ, ગોંડા(ઉત્તર પ્રદેશ)**

૨ એપ્રીલના દિવસે દયાનંદ બાલ મંદિર ઠઠરાહી બજારમાં પરમ પૂજ્ય ગુરૂદેવના સમસ્ત વાંગ્મયની સ્થાપના કરવામાં આવી હતી. આ અવસર પર યોજાયેલ સમારોહમાં યુગ નિર્માણી સાહિત્ય અને પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દીની રૂપરેખા પર વિસ્તારથી જાણકારી આપવામાં આવી હતી. શ્રી રામગોપાલ મિશ્ર, શ્રી માખન સિંહ, શ્રી જયશંકર મિશ્ર વગેરેએ પોતાના-પોતાના વિચારો વ્યક્ત કર્યા.

આ અવસર પર સજલ શ્રદ્ધા આરોગ્ય ધામ લખનઉના ડૉ. નરેન્દ્ર દેવે ગ્રામવાસીઓનું નિ:શુલ્ક સ્વાસ્થ્ય પરીક્ષણ કર્યું હતું. નગરપાલિકા અધ્યક્ષ શ્રી રામજીલાલ, શ્રી મદન મુરારી ગુપ્તા વગેરેએ પીડા નિવારણના ક્ષેત્રે કરવામાં આવી રહેલ કાર્યક્રમોની વાર-વાર પ્રશંસા કરી હતી.

## યજ્ઞમાં નારી શક્તિએ આપેલ વિશેષ યોગદાન

**ભોપાલ(મધ્ય પ્રદેશ)**

ગાયત્રી પરિવાર રેલવે શાખા ચાંદવડે શ્રી રામ મંદિર કપડા મીલ પ્રાંગણ ચાંદવડમાં ૧૭ અને ૧૮ એપ્રીલના દિવસે ૯ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કર્યુ હતું. મિશનના વરિષ્ઠ પરિજન ડૉ. શંકરદયાલ પાટીદારે આ આયોજનમાં બહેનોની ઉપસ્થિતિથી પ્રભાવિત થઈને પરમ પૂજ્ય ગુરૂદેવની 'એકવીસમી સદી-નારી સદી' ના ઉદ્ઘોષની યાદ અપાવી હતી. એમને કહ્યું કે નારી શક્તિનું વધતું જતું વર્ચસ્વ રાજનેતાઓની દેન નહીં પરંતુ એક દૈવી યોજના છે. આ સૌભાગ્ય અને સંયોગને કોઈએ ચુકવો જોઈએ નહી. સંસ્કારવાન, ચરિત્રવાન અને રાષ્ટ્રપ્રેમથી રંગાયેલ પેઢી આજની આવશ્યકતા છે અને નારી શક્તિ જ આને મુખ્ય રૂપથી વિકસિત કરશે.

સમારોહમાં કળશ યાત્રા, યજ્ઞ, સંસ્કાર વગેરે પરંપરાગત કાર્યક્રમો ઉત્સાહવર્ધક હતાં. શ્રી રાકેશ સિંહ ચૌહાણના જણાવ્યા મુજબ પાર્ષદ આશારામ શર્મા, પાર્ષદ શ્રીમતી હેમલતા, પાર્ષદ શ્રીમતી કૃપ્ણા સુરેશ સાહૂ, શ્રી કિશોરીલાલ કુશવાહ વગેરેની ઉપસ્થિતિ ઉત્સાહવર્ધક હતી.

## ઉમંગની સામે હારી ગઈ ઉંમર

**ઓકલેંડ (ન્યુઝીલેન્ડ)**

લિબરલ આર્ટ્સ કોલેજે પોતાના ૫૦૦ વિદ્યાર્થીઓને સ્નાતકની ઉપાધિ પ્રદાન કરી. દૈનિક ભાસ્કરમાં ૧૭મેના ઈંટરનેટ સંસ્કરણમાં પ્રકાશિત સમાચાર પ્રમાણે આ ઉપાધિ પ્રાપ્ત કરવાવાળામાં અમેરીકાના કેલીફોર્નીયા પ્રાંતમાં રૈન લિએન્ડ્રોના ૯૪ વર્ષના શ્રીમતી હેજલ સોરેસ પણ હતા. એમણે પોતાની લગન અને સંકલ્પથી સિદ્ધ કરી દીધું કે જ્ઞાનાર્જનની કોઈ ઉંમર હોતી નથી. શ્રીમતી સોરેસને ૭ દિકરા-દિકરીઓ અને ૪૦ પૌત્ર-પ્રપૌત્ર છે.

**ભાગ્યનું નિર્માણ મનુષ્ય સ્વયં કરે છે, ઈશ્વર નહી.**

# ગ્રામોત્થાનના મહાન અભિયાન તરફ વધી રહેલાં કદમ

## લોકસેવીની થાપણ બની સમાજની થાપણ

**પટ્ટી-પ્રતાપગઢ (ઉત્તર પ્રદેશ)** તાલુકાના મુખ્ય મથક પટ્ટીથી માત્ર ૧૦ કિલોમીટર દૂર આવેલ બામનપુર ગામનું ઐતિહાસિક ઈંદિરા યજ્ઞ ભવન હવે ગાયત્રી જ્ઞાન મંદિરના રૂપમાં પરિવર્તિત થઈ ગયું છે. અહીં એનો ઉલ્લેખ કરવા જેવો છે કે સ્વર્ગસ્થ ડૉ.યજ્ઞદેવ શર્માના આ ભવનના વિશાળ પ્રાંગણમાં સન્ ૧૯૬૨માં ૧૫ દિવસીય યજુર્વેદ યજ્ઞ સંપન્ન થયો હતો. ભવનની પરંપરાગત જાળીઓમાં વેદમંત્ર લખેલા છે, જે ભવનના નામની સાર્થકતા દર્શાવે છે. સ્વ.ડૉ. શર્માએ પોતાના જીવનકાળના અંતિમ સમય (સન્ ૧૯૮૭) સુધી અહીં પરમ પૂજ્ય ગુરુદેવની પ્રેરણા-માર્ગદર્શન સાથે નિત્ય યજ્ઞ અને સેવા-સ્વાસ્થ્ય સંવર્ધનનું કાર્ય ચાલુ રાખ્યું હતું. આ યજ્ઞભાવ એમના તેમજ એમના પૂરા પરિવારના જીવનમાં પણ જોઈ શકાય છે. એમના બે પુત્ર ડૉ.ઓ.પી.શર્મા તથા પ્રો.વિશ્વપ્રકાશ ત્રિપાઠી પૂજ્ય ગુરુદેવના નિર્દેશ પર સન્ ૧૯૮૮થી જ શાંતિકુંજને સંપૂર્ણ રીતે સમર્પિત થઈને સેવાઓ પ્રદાન કરી રહેલ છે. મોટી પુત્રવધું ડૉ.ગાયત્રી શર્માજી - મહાનિદેશક સ્વાસ્થ્ય (ઉત્તર પ્રદેશ)ના પદથી સ્વૈચ્છિક રિટાયર્ડ થયા પછી સંપૂર્ણ રીતે શાંતિકુંજને જ સેવાઓ આપી રહેલ છે.

ગાયત્રી જ્ઞાન મંદિરનું ભૂમિપૂજન તા-૧૧ મેના રોજ શાંતિકુંજથી પહોંચેલ ડૉ.ઓ.પી.શર્મા તેમજ શ્રી જીતેન્દ્ર મિશ્રાની ટોળીની સાથે શ્રી રાકેશ પ્રતાપ સિંહ તેમજ શ્રી કૈલાશ નાથ તિવારીએ સંપન્ન કરાવ્યું. આ અવસર પર ગાયત્રી શક્તિપીઠ પ્રતાપગઢના મુખ્ય પ્રબંધક ટ્રસ્ટી શ્રી ચંદ્રિકાસિંહ, શ્રી રામ ઈકબાલસિંહ, શ્રી આર.એન.સિંહ, શ્રી દુર્ગા પ્રસાદ શુક્લા, શ્રી એમ.પી.દુબે, શ્રી અશોક મિશ્રા, શ્રી અવનીશ ઉપાધ્યાય, શ્રી બાલમુકુંદ ઓઝા, શ્રી સૂર્યલાલ મિશ્ર, શ્રી રામાસરે પાંડે, શ્રીમતી સાવિત્રી વર્મા, જોનપુરથી પધારેલ કાર્યકર્તા તેમજ સેંકડો ગ્રામવાસી ઉપસ્થિત રહ્યા હતા.

ગાયત્રી જ્ઞાન મંદિર બામનપુરને ત્રણ ભાઈ-ડૉ.ઓમ પ્રકાશ શર્મા, શ્રી ઈંદ્રપ્રકાશ શર્મા તથા પ્રો.વિશ્વપ્રકાશ ત્રિપાઠીએ પૂજ્યવરની પ્રેરણાથી સંપૂર્ણ રીતે શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ શાંતિકુંજને સમર્પિત કરી દીધું. હવે તે શાંતિકુંજના નિર્દેશનમાં ગાયત્રી શક્તિપીઠ પ્રતાપગઢ દ્વારા સંચાલિત થશે. તા-૧૧ મેના રોજ યોજાયેલ ભૂમિપૂજન સમારોહમાં સંસ્કાર, ધ્યાન, શિક્ષણ તેમજ અન્ય ગતિવિધિઓ માટે એક બહુઉદ્દેશીય ભવનનું નિર્માણ, સાહિત્ય પટલ તેમજ પરિવ્રાજક આવાસના નિર્માણ માટે ભૂમિ પૂજન કર્યું.

**પ્રતાપગઢમાં બેઠક**-તા-૧૧ મેના રોજ સાંજના સમયે ગાયત્રી શક્તિપીઠ પર એક કાર્યકર્તા બેઠક રાખવામાં આવી. ડૉ.ઓ.પી.શર્માજીએ પોતાની માતૃભૂમિ હોવાના કારણે પરમ પૂજ્ય ગુરુદેવની જન્મશતાબ્દી પર સાધક સર્જનશિલ્પી, અગ્રદૂતોની ઉત્કૃષ્ટ શ્રદ્ધાંજલિ સમર્પિત કરવાની વિશેષ જવાબદારીનો બોધ સાથી પરિજનોને કરાવ્યો. શ્રેષ્ઠ સંગઠન તેમજ તાલમેળની સાથે પ્રત્યેક ન્યાય પંચાયત સુધી મિશનનો વિસ્તાર કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો.




ભૂતકાળના પાનાઓમાં ઈંદિરા યજ્ઞ ભવન કે જેની જાળીઓ પર કોતરાયેલ વેદમંત્રો (ઈન્સેટમાં)ને મળી નવી ઓળખ (ઈન્સેટમાં)



ભૂમિપૂજન સમારોહમાં ભાગ લઈ રહેલ ડૉ.ઓ.પી.શર્મા (શાંતિકુંજ પ્રતિનિધિ તેમજ ભવનદાતા) ગ્રામજનો તેમજ મુખ્ય કાર્યકર્તા

## 'એક જિલ્લો-એક આદર્શ ગ્રામ' યોજના

**ગુના (મધ્યપ્રદેશ)** મધ્યપ્રદેશ પ્રાંતમાં ચાલી રહેલ ''એક જિલ્લો-એક આદર્શ ગ્રામ'' યોજનાની અંતર્ગત ગુના જિલ્લાના પરિજનોએ ગ્રામ ભુલાયની પસંદગી કરી છે. વિશ્વ સ્વાસ્થ્ય દિવસ તા-૪ એપ્રિલના દિવસે ગુના શાખાના વરિષ્ઠ તેમજ યુવા કાર્યકર્તા ભુલાય ગામે પહોંચ્યા તથા સામૂહિક સ્વચ્છતા અભિયાન ચલાવ્યું.

ભુલાય એક એવું ગામ છે, જે આખું ગામ ગાયત્રીમય છે. અહીં પ્રત્યેક ઘરમાં દેવસ્થાપના કરવામાં આવી છે તેમજ પ્રત્યેક બાળકો ગાયત્રીમંત્ર જાણે છે. મથુરાના સહસ્ત્રકુંડી યજ્ઞ તેમજ પૂજ્ય ગુરુદેવના વિદાય સમારંભમાં પણ આ ગામના લોકો ભાગ લઈ ચુક્યા છે. અહીં સન્ ૨૦૦૫માં આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીએ ગૌપૂજન કરી શ્રીરામ ગૌશાળાની સ્થાપના કરાવી હતી. સન્ ૨૦૦૨માં થયેલ પ્રજ્ઞા પુરાણ કથાના એક કાર્યક્રમમાં તમામ ગામવાસીઓએ મૃતકભોજ ન કરવાનો સંકલ્પ લીધો હતો. જેને તેઓ આજ સુધી પૂરી નિષ્ઠા સાથે નિભાવી રહેલ છે.

શ્રી ભગવતસિંહ રઘુવંશીએ ગાયત્રી મંત્રની સાથે સફાઈ અભિયાન આરંભ કર્યુ. સરપંચશ્રી કલ્યાણસિંહ તેમજ ગૌશાળા અધ્યક્ષ લટુરસિંહ પટેલ સહિત તમામ ગ્રામવાસીઓએ શ્રમદાનમાં ભાગ લીધો. સાંજના સમયે રામજાનકી મંદિર પર દીપયજ્ઞ કરવામાં આવ્યો. જેનું સંચાલન શ્રીમતી શશી મિશ્રા, શ્રીમતી રમા રઘુવંશી અને સોની બહેનની ટોળીએ કર્યુ હતું. એના પહેલાં સાંજના ચાર વાગે એક બેઠક રાખવામાં આવી હતી. જેમાં વિભિન્ન વક્તાઓએ જૈવિક ખેતી, ગૌસંવર્ધન, પંચગવ્યથી સ્વાસ્થ્ય જેવા વિષયો પર ગામવાસીઓને માર્ગદર્શન આપ્યું.

## સંકલ્પ-સક્રિયતાની પાંચમી વર્ષગાંઠ

**પાલ-કાંકરિયા-ઈડર (મ.પ્ર.)** તા-૨૪ તેમજ ૨૫ એપ્રિલના રોજ આદર્શોન્મુખ ગામ પાલ કાંકરિયાએ પોતાના સંકલ્પની પાંચમી વર્ષગાંઠ ઉજવી. આ ઉપલક્ષ્યમાં ૨૪ એપ્રિલના રોજ ૨૪ કલાકના અખંડ જપ રાખવામાં આવ્યા હતા. સાંજના સમયે પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં આ કથાનું રસપાન કરાવતાં શ્રી તુલસીરામ પ્રજાપતિએ પૂજ્ય ગુરુદેવના લીલામૃત સંભળાવીને શ્રોતાઓના અંતઃકરણમાં ભાગવત ચેતના સાથે જોડાવાનો ઉત્સાહ જગાડ્યો હતો.

તા-૨૫ એપ્રિલના રોજ પ્રાતઃકાળે ગાયત્રી શક્તિપીઠ કેશરબાગની ટોળીએ પાંચ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ કરાવ્યો. અહીં એ ઉલ્લેખનીય છે કે વર્તમાન દિવસોમાં ગ્રામપંચાયતોએ ગાયત્રી ધામ પાલ કાંકરિયાને ભૂમિ દાનમાં આપી હતી. આ ભૂમિમાં વનૌષધિઓ અને વૃક્ષવાટિકાઓ લગાવીને લીલોતરી વિસ્તારનો પર્યાવરણ સંવર્ધનના સંકલ્પને શ્રી હીરાસિંહ બાબુજી તથા તેમના સહયોગીઓએ કર્યુ.

પાલ કાંકરિયામાં આદર્શ ગ્રામ વિકાસ આંદોલન પૂરા ઉત્સાહ સાથે ચાલી રહ્યું છે. સમય-સમય પર ગ્રામ સ્વચ્છતાનો સામૂહિક ક્રમ ચાલે છે. આખા ગામમાં દીવાલ લેખન કરવામાં આવ્યું છે. ગાયત્રી પરિવારના પરિજનો ઘરે-ઘરે જઈને જનસંપર્ક તેમજ વિદ્યા વિસ્તારના કાર્યક્રમોથી દરેક ગ્રામવાસીઓને ઉપાસના, સાધના તેમજ સર્જન આંદોલનો સાથે જોડી રહ્યા છે.

## નાનકડો આર્યભટ્ટ

**જમુઈ (બિહાર):-નાનકડા કુમાર આર્યભટ્ટે પોતાની વિલક્ષણ પ્રતિભાથી એ સાબિત કરી દીધું છે કે પ્રતિભા પૈસાની આશ્રિત નથી. બિહારની ગરીબીનું પ્રતિનિધિત્વ કરનારા પરિવારમાં મોટા થઈ રહેલ આર્યભટ્ટે લાકડાના ટુકડાથી જમીન પર લખીને ગણિતનો અભ્યાસ આરંભ કર્યો હતો. આજે પાંચમા ધોરણમાં ભણતો બાળક ઈંટરના ગણિતના સવાલ રમત-રમતમાં ઉકેલી દે છે.**

**ચિ.કુમાર આર્યભટ્ટની કે.કે.એમ.કૉલેજના ગણિત વિભાગના પ્રો.સુબોધ કુમાર સિંહે કસોટી કરી અને તેનાથી પ્રભાવિત થઈને સારા પુસ્તકો આપવાનું વચન આપ્યું, જેથી તેની પ્રતિભાનો નિખાર થઈ શકે. એજ કૉલેજના આચાર્ય શ્રી અશોક ઠાકુરે તેને યુજીસીથી છાત્રવૃત્તિ અપાવવા ખાતરી આપી. જમુઈ જિલ્લાના ઝાઝર ડિવિઝનની અંતર્ગત બેજલા ગામના શ્રી ઈંદ્રદેવ પ્રસાદના પુત્ર કુમાર આર્યભટ્ટ ઈતિહાસ અને ધર્મ સહિત અનેક વિષયોમાં મહારથી છે. (જાણકારી રાખે છે.)**

## મુરાદાબાદ (ઉત્તર પ્રદેશ)માં યોજાયું શિક્ષક સંમેલન

**મુરાદાબાદ (ઉ.પ્ર.)** તા-૨૫ ફેબ્રુઆરીના રોજ મુરાદાબાદની જી.જી. હિન્દુ ઈંટર કૉલેજના વાર્ષિકોત્સવના અવસર પર શિક્ષક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. એમાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના સ્કૂલ ઑફ એજ્યુકેશનના નિર્દેશક ડૉ.આર.પી. કર્મયોગી, પ્રો.પ્રમોદજી તેમજ શ્રી રામસિંહ રાઠોડે તમામ સહભાગિઓને સર્જનાત્મક શિક્ષણ અભિગમ વિષય પર વિસ્તારપૂર્વક જાણકારી આપી. સભામાં ઉપસ્થિત અનેક આચાર્યો એમના વિચારોથી ખૂબ જ પ્રભાવિત થયા. તેઓ આ સૂત્રોને પોત-પોતાના વિદ્યાલયોમાં અમલમાં મૂકવા માટે ઉત્સાહિત જોવા મળ્યા.

ડૉ.કર્મયોગીએ કહ્યું કે પોતાના આચરણથી આપવામાં આવેલ શિક્ષણથી વિદ્યાર્થીઓમાં સકારાત્મક પ્રભાવ પડે છે. જો વિદ્યાર્થીઓનો સર્જનાત્મકતાનો સાચો ઉપયોગ કરી શકાય, તો તેઓ મોટામાં મોટું કાર્ય કરી શકે છે.

ગાયત્રી પરિવાર રચનાત્મક ટ્રસ્ટ દ્વારા યોજાયેલ આ કાર્યક્રમમાં શહેરના ૨૫ થી વધારે વિદ્યાલયોના આચાર્યો તથા શિક્ષકોએ ભાગ લીધો હતો.

જી.જી.હિન્દુ ઈંટર કૉલેજના આચાર્ય ડૉ.રાજેન્દ્ર પ્રસાદ શર્માએ કેન્દ્રીય પ્રતિનિધિઓને સતત માર્ગદર્શન આપતા રહેવાનું નિવેદન કર્યું. આ અવસર પર દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના દૂરસ્થ શિક્ષણ પાઠ્યક્રમમાં પાસ થયેલ છાત્ર-છાત્રાઓને પ્રમાણપત્ર પ્રદાન કરવામાં આવ્યા. શ્રી નરેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા સંકલિત પુસ્તક 'ઘરેલુ ચિકિત્સાના સૂત્ર'નું વિમોચન કરવામાં આવ્યું.

## બાળ સંસ્કાર શાળા પ્રશિક્ષણ શિબિર

**લખનૌ (ઉત્તર પ્રદેશ)** ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ગોમતી નગર અને કુર્સી રોડ સ્થિત ગાયત્રી શક્તિપીઠ દ્વારા શક્તિપીઠ પર તા-૧૩ થી ૧૪ માર્ચના દિવસે બાળ સંસ્કાર પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને સુસંસ્કૃત બનાવવા, સર્જનાત્મક દિશા આપવા માટે વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવી. આ અવસર પર શ્રી કૃષ્ણ કુમાર વિનોદ, શ્રી એસ. પી. અવસ્થી, શ્રી એ.પી. શુક્લ વગેરેએ બાળકોને સંસ્કારિત કરવાના વિવિધ ઉપાયોનું શિક્ષણ આપ્યું. નાના ભુલકાંઓમાં ભારતિય સંસ્કૃતિ પ્રત્યે આકર્ષણ પેદા કરવાના પ્રયાસોની અંતર્ગત ૬૫ લોકોએ પોતાના પોતાના ક્ષેત્રમાં બાલ સંસ્કાર શાળા ખોલવાની સહમતિ આપી હતી.

**સંસારરૂપી બજારમાં પુરુષાર્થનો સિક્કો ચાલે છે.**

# સંસ્કૃતિના સેનાનિઓને સન્માનિત કરીને ગૌરવ અનુભવી રહ્યો છે સમાજ

## ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનો પુરસ્કાર વિતરણ સમારોહ

**લખનૌ(ઉત્તર પ્રદેશ)**

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં મેરીટ લીસ્ટમાં આવેલ વિદ્યાર્થીઓને તા-૧૧ એપ્રીલના દિવસે સ્મૃતિ ચિહ્ન, પ્રશસ્તિ પત્ર અને સત્સાહિત્ય આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની અધ્યક્ષતા શિક્ષણ જગતના વિદ્વાન શ્રી એસ. કે. ડી. સિંહે કરી હતી.



લખનૌના સમારંભમાં પુરસ્કૃત વિદ્યાર્થી અને મંચાસીન ગણમાન્ય

ઠાકુરગંજ,દુબગ્ગા,મલિહાબાદ સાથે શહેરી વિસ્તારના ૧૩૦ વિદ્યાલયોમાં સર્વોચ્ચ સ્થાન મેળવનાર સર્વાંગીણ વિકાસ ઈંટર કાલેજ ભોલાખેડીની કુ. સુલેખાને વિશેષ રૂપે માતા પાર્વતી દેવી મેમોરિયલ ટ્રોફીથી સન્માનિત કરવામાં આવી હતી. એની સાથે ચિ.વૈભવ ગુપ્તા, કુ.નિધિ સિંહ, કુ.શિવાની દીક્ષીત, ચિ.રાજેન્દ્ર મિશ્રા, ચિ.મયંક પટેલ, કુ.સુરભિ ચૌરસિયા, કુ.અજરા ઈદરીસીએ પોતાના-પોતાના વર્ગમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ભા.સં.જ્ઞા.પરીક્ષામાં વિશેષ સહયોગ કરનારા આચાર્યો, શિક્ષકોને પણ સન્માનીત કરવામાં આવ્યા હતા. શ્રી કૃષ્ણ અવતાર ગુપ્તાએ વિદ્યાર્થીઓને જીવનોપયોગી સૂત્રો બતાવ્યા.

**સીતાપુર(ઉત્તર પ્રદેશ)**

સીતાપુર ગાયત્રી પ્રજ્ઞાપીઠમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા-૦૯નો જીલ્લા અને પ્રાંત સ્તરે પુરસ્કાર વિતરણ સમારોહ સંપન્ન થયો. બન્ને સ્તરે ધોરણવાર પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્થાને આવેલ વિદ્યાર્થીઓને નિર્ધારિત પુરસ્કાર પ્રદાન કર્યા બાદ સહયોગી શિક્ષક અને આચાર્યોને સન્માનીત કરવામાં આવ્યા.નવોદય વિદ્યાલય-ખૈરાબાદ, ગાંધી વિદ્યાલય-સિધૌલી, ઉમાશંકર ઈંટર કોલેજ ઓફ સાયંસ-મહોલી. કુ.શંકરબક્ષસિંહ-ઉમા વિદ્યાલય-દેવકલિયા, ગૉજર ઈન્ટર કોલેજ-તમ્બૌરને શ્રેષ્ઠ વિદ્યાલયની ટ્રોફી આપવામાં આવી હતી, જ્યારે સીતા ઈન્ટર કોલેજ મહમૂદાબાદ જિલ્લામાં સર્વશ્રેષ્ઠ રહી હતી.

આ અવસર પર સેવાભાવી કાર્યકર્તા અને સન્માનિત શિક્ષકો ખૂબ જ ભાવવિભોર બન્યા હતા. બધાએ મળીને પરીક્ષાને નવી દિશા આપતા આ વર્ષે વધારેમાં વધારે વિદ્યાર્થીઓ પરીક્ષામાં ભાગ લે, એવી માનસિકતા વ્યક્ત કરી. તાલુકા અને બ્લોક સંયોજકોની એક બેઠક યોજાઈ, જેમાં પાછલા વર્ષની સમીક્ષા કરવામાં આવી, તેમજ વિવિધ સમસ્યાઓનું તાત્કાલિક સમાધાન કરવામાં આવ્યું.

પુરસ્કાર વિતરણ સમારોહની શરૂઆતમાં પરિજનોએ દિવંગત ડૉ. ગણેશદત્ત સારસ્વતને ભાવભરી શ્રદ્ધાંજલી અર્પણ કરી. પ્રાંતીય સંયોજક શ્રી સુરેન્દ્ર કુમાર શ્રીવાસ્તવે પરીક્ષા યોજનાની વિસ્તારથી જાણકારી આપી હતી. જીલ્લા સંયોજક શ્રી શિવકુમાર શ્રીવાસ્તવે સીતાપુર જિલ્લાના ૨૩૦૦૦ વિદ્યાર્થીઓની ભાગીદાર થવાની જાણકારી આપી. તેમણે આ પરીક્ષાથી બાળકો પર પડી રહેલ પ્રભાવના આંકડા અને તથ્ય રજૂ કર્યા.

**બડવાની (મધ્ય પ્રદેશ)**

તા-૧૬ એપ્રીલના દિવસે યુવા ચેતના શિબિર અને ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં જીલ્લા સ્તરે પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાને આવેલ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અવસર પર જન્મ શતાબ્દી વર્ષમાં પ્રજ્ઞા પરિજનો, પ્રજ્ઞાપુત્રો અને યુવાઓની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો. શ્રી ગોપાલકૃષ્ણ પ્રજાપતિ, શ્રી તેજકરણ પરમારે અખંડ જ્યોતિ, યુગ નિર્માણ યોજના અને પ્રજ્ઞા અભિયાન પાક્ષિક પત્રિકાઓનું નિ:શુલ્ક વિતરણ કરી પત્રિકાના સભ્ય બનવા આહ્વાન કર્યું. યુવાનોમાં મિશનની પત્રિકાઓનો નિયમિત સ્વાધ્યાય કરવાનો અને પોતાના મિત્રોને પણ આની સાથે જોડાવાનો વિશેષ ઉત્સાહ જાગ્યો. જીલ્લા સંયોજક શ્રી મહેન્દ્ર ભાવસારે સંસ્કારયુક્ત અને વ્યસનમુક્ત વિદ્યાલયો બનાવવા માટે આચાર્યો અને શિક્ષકોનું આહ્વાન કર્યુ. આ અવસર પર ઉપસ્થિત ૫૦૦થી વધું લોકોએ નિયમિત સમયદાન અને અંશદાન કરવાનો સંકલ્પ પત્રો ભર્યા.

**આલીરાજપુર(મધ્ય પ્રદેશ)**

તા-૨૭ એપ્રીલના દિવસે ગાયત્રી શક્તિપીઠ આલીરાજપુરમાં ભારતીય સંસ્કૃતિ પરીક્ષાનો જીલ્લા અને તાલુકા સ્તરે પુરસ્કાર વિતરણ સમારોહ રાખવામાં આવ્યો હતો. સમારોહના મુખ્ય અતિથિ જીલ્લા શિક્ષણાધિકારી શ્રી આર. એસ. વામનિયાએ ઉપસ્થિત વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સફળ થવા માટે નિયમિતતા લાવીને અભ્યાસ કરવાનાં સૂત્રો બતાવ્યા. જોબટ ગાયત્રી શક્તિપીઠના વ્યવસ્થાપક શ્રી શિવનારાયણ સક્સેના, સહાયક સંચાલક (શિક્ષણ) આદિવાસી વિકાસ શ્રી નરેન્દ્ર ભિંડજીએ પણ સફળતાના વિભિન્ન સૂત્રો પર પોત-પોતાના વિચારો રજૂ કર્યા. તેમણે આગામી પરીક્ષામાં દરેક પ્રકારનો સહયોગ આપવાની ખાતરી આપી.

જીલ્લા સંયોજક શ્રી પી.એસ. આવાસ્યાએ જણાવ્યુ કે આ વર્ષે ૮૬ સરકારી અને ૧૫ અંગત શિક્ષણ સંસ્થાનોના વિદ્યાર્થીઓએ ભા.સં.જ્ઞા. પરીક્ષામાં ભાગ લીધો હતો. શક્તિપીઠના મુખ્ય ટ્રસ્ટી દ્વારા અતિથિઓને ભેટરૂપે યુગ સાહિત્ય આપવામાં આવ્યું હતું.

## દેસંવિવિ. ના સહયોગથી યોગ શિબિર અને પ્રતિયોગીતાઓનું આયોજન

**શાહજહાઁપુર (ઉત્તર પ્રદેશ)**

સ્થાનીય શાખાએ તા-૨૧ થી ૨૭ એપ્રીલના દિવસે દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના તત્વાવધાનમાં યોગ શિબિરનું આયોજન કર્યુ હતું. જેમાં કૃભકો ફર્ટિલાઈજરના અધ્યક્ષ, પ્રબંધક સાથે મોટા ભાગના અધિકારી-વિદ્વાનોએ ભાગ લીધો હતો. દેસંવિવિ. શોધાર્થી છાત્રા શ્રીમતી મનોરમા નીખરા અને ઈન્દ્રાણી નિષાદે કાર્યક્રમનું સંચાલન કરતા અભ્યાસીઓને શારીરિક ક્રિયાઓની સાથે મન અને વિચારોના સતત પરિષ્કારની પ્રેરણા આપી હતી. તેમને યોગ પ્રત્યેની પરમ પૂજ્ય ગુરૂદેવની અવધારણા જણાવતા કહ્યું કે યોગ એક ઉચ્ચ સ્તરીય વિજ્ઞાન છે અને તેનો સમગ્ર અભ્યાસ સ્થાઈ ઉન્નતિનો માર્ગ પ્રશસ્ત કરે છે.

આ શિબિરની સાથે અનેક સંસ્થાનોમાં બેઠકો અને યોગાભ્યાસનો ક્રમ રહ્યો. ડૉ. વીરેન્દ્ર સ્વરૂપ એજ્યુકેશનલ સેંટર, રાજકીય પોલીટેકનિક મહાવિદ્યાલય, જાનકી ઈંસ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ ફોર વુમન, ફ્લોરેન્સ નાઈન્ટેંગલ નર્સિંગ કોલેજે દેસંવિવિ ની સેવાઓનો લાભ લીધો.

**લૈંસડોન, પૌડી ગઢવાલ (ઉત્તરાખંડ)**

જવાહર નવોદય વિદ્યાલય જયહરી ખાલ, લૈંસડોનમાં તા-૧૨ થી ૧૩ એપ્રીલના દિવસોમાં બે દિવસીય સંકુલ સ્તરીય યોગ પ્રતિયોગીતા આયોજીત કરવામાં આવી હતી. આ પ્રતિયોગીતામાં મુજફ્ફરનગર, રુદ્ર પ્રયાગ, સહારનપુર, ટિહરી, ચમોલી, પૌડી ગઢવાલ વગેરે જીલ્લાઓમાંથી જવાહર નવોદય વિદ્યાલયના ૧૦૦થી વધું છાત્ર-છાત્રાઓએ ભાગ લીધો હતો. આ પ્રતિયોગીતાને ૧૪, ૧૭ અને ૧૯ વર્ષ એમ ત્રણ વર્ગોમાં વિભાજીત કરવામાં આવી હતી.

પ્રતિયોગીતાને દેસંવિવિના પૂર્વ છાત્ર શ્રી નીલકમલ અને શ્રી ગગન દેશમુખે સંપન્ન કરાવી હતી. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે આ વિદ્યાલયમાં શાંતિકુંજના અંતેવાસી શ્રી પ્રેમલાલ બિરલાના પુત્ર શ્રી મહેશ બિરલા સંગીત શિક્ષકના રૂપમાં સેવાઓ આપી રહ્યા છે. પરિણામ સ્વરૂપ દરેક પ્રતિયોગીઓને પૂજ્ય ગુરૂદેવ દ્વારા બતાવેલ યોગની અવધારણાથી પરીચિત કરાવવામાં આવ્યા. તેમણે જણાવ્યું કે સુપ્ત શારીરિક ક્ષમતાઓને જાગ્રત કરી વ્યક્તિત્વને વિરાટ તરફ લઈ જવું એજ યોગ છે. પ્રતિયોગીતામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પૂજ્યવરના સાહિત્ય અને સ્ટીકરોને નિ:શુલ્ક વિતરીત કરવામાં આવેલ.

## ગાયત્રી પરિવારના નિષ્ઠાવાન રખેવાળોનો સંગાથ છુટી ગયો

**જયપુર (રાજસ્થાન)**

પૂર્વ ઉપરાષ્ટ્રપતિ મહામહિમ શ્રી ભૈરોસિંહ શેખાવત એટલે ભારતીય રાજનીતિમાં ચમકતો એ તારો કે જેમણે રાજનીતિમાં નવી મર્યાદાઓ સ્થાપિત કરી અને ઉચ્ચ પદોની ગરિમાને હંમેશા અક્ષુણ્ણ બનાવી રાખી.

એક સિપાઈ તરીકે જીવન યાત્રાનો શુભારંભ કરીને રાજસ્થાન પ્રાંતના શીર્ષ પદો પર સેવા આપ્યા પછી, ભારતીય ગણરાજ્યના ઉચ્ચતમ પદો સુધી પહોંચવુ અને તેની જીમ્મેદારીને નીષ્ઠા સાથે નીભાવવીએ શ્રી શેખાવતજીની ઉચ્ચસ્તરીય સાધનાનું જ પ્રતિફળ હતું.

શ્રી શેખાવતજી એક ગાયત્રી સાધક હતા. તેઓ કેટલાય દશકોથી ગાયત્રી તીર્થ શાંતિકુંજ સાથે જોડાયેલ હતા. શ્રી શેખાવતજી પોતાને ગાયત્રી પરિવારના એક



નિષ્ઠાવાન સિપાઈ માનતા હતા. તેઓ ભારતના એ ઉચ્ચ રાજનેતાઓમાંથી એક હતા કે જેમને મહાન ઋષિ ગાયત્રીના સિદ્ધ સાધક પં. શ્રી રામ શર્મા આચાર્યજીએ ધર્મનગરી-કુંભનગરી હરિદ્વારમાં ગંગાતટ પર ગાયત્રી મંત્રની દીક્ષા આપી હતી. તેઓ પૂજ્યવરને પોતાના માર્ગદર્શક અને આરાધ્ય માનતા હતા. શ્રી શેખાવતજીને ઉત્તરાખંડ પ્રાંતની શૈક્ષણીક સંસ્થાઓમાં વિશેષ રુચિ હતી. ઉપરાષ્ટ્રપતિના પદ પર રહેતા વર્ષ-૨૦૦૬માં દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના પ્રથમ દીક્ષાન્ત સમારોહમાં મુખ્ય અતિથિના રૂપમાં પધાર્યા હતા ત્યારે તેમણે દેશના મસ્તિષ્ક સ્વરૂપ નવસ્થાપિત રાજ્યમાં દેવભૂમિને અનુરૂપ ઉચ્ચસ્તરિય શૈક્ષણીક વાતાવરણ વિનિર્મિત કરવાનું આહ્વાન કર્યુ હતું.

શ્રી શેખાવતજી ના અંતિમ સંસ્કારના કર્મકાંડ માટે બ્રહ્મપુરી જયપુર ગાયત્રી શક્તિપીઠથી શ્રી અમ્બિકા પ્રસાદ શ્રીવાસ્તવ, શ્રી આર. સી. ગુપ્તા અને શ્રી હર્ષ મિશ્રાની ટોળીને વિશેષ રૂપથી આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ અવસરે કેન્દ્રય મંત્રી શ્રી શિવરાજ પાટીલ, રાજ્ય સરકારના મંત્રીઓ સાથે ગણમાન્ય નાગરીક શ્રદ્ધાંજલી આપવા માટે પહોંચ્યા હતા.

**કોલિહાદેવરી, મહાસુમન્દ(છ.ગ)**

છેલ્લા ૧૬ વર્ષથી શાંતિકુંજમાં સેવાઓ આપી રહેલ શ્રી યશવંત રાણાનું તા-૨૬ મે-૧૦ના દિવસે એક દુર્ઘટનામાં અવસાન થઈ ગયું. ૩૫ વર્ષિય શ્રી રાણા ગાયન, વાદનમાં વિશેષ રુચિ રાખતા હતા. તેમના ગાયેલા ઓજસ્વી ગીતો યુવાઓને અંદરથી ઝકઝોરીને રાખી દેતા હતા. સંગીત વિભાગમાં સેવારત



શ્રી રાણા અંતિમ સમયે ઘરેલું કાર્યવશ પોતાના ગૃહ ગામ કોલિહાદેવરી (છત્તિસગઢ) માં હતા. તેમની ધર્મપત્નિ શ્રીમતી સુદેષ્ઠા અને પુત્રી કુ. તૃપ્તિ પુત્ર ચિ. લોકેશ આ આઘાતમાંથી શીઘ્ર બહાર આવે તે હેતુંથી સંગીત વિભાગ શાંતિકુંજમાં તેમના આત્માની શાંતિ અને સદ્ગતિ માટે વિશેષ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

**શેવખર કલા, ચન્દૌલી(ઉત્તર પ્રદેશ)**

૭૩ વર્ષિય શ્રી કૌલેશ્વર યાદવનું તા-૨૬ મે-૧૦ના દિવસે અવસાન થઈ ગયું. રેલવેમાં સેવા નિવૃત્ત લીધા



પછી શ્રી યાદવ લગભગ ૧૫ વર્ષથી શાંતિકુંજમાં સેવાઓ આપી રહ્યા હતા. તેઓ પોતાના જીવનના અંતિમ સમયમાં પોતાની જન્મભૂમી શેવખર કલામાં હતા. ત્યાંજ તેમનું દેહાવસાન થયું. અત્યંત સરળ અને સાદું જીવન જીવીને તેઓ પરિવાર માટે ઉત્કૃષ્ઠ ઉદાહરણ બની રહ્યા.

**રુદ્રપુર, ઉધમસિંહનગર (ઉત્તરાખંડ)**

શ્રી સુરેશ ચન્દ્ર શર્માનું તા-૨૮ મેના દિવસે અવસાન થઈ ગયું. ૮૫ વર્ષીય શ્રી શર્મા ૧૯૯૩થી સ્વયંસેવી કાર્યકર્તાના રૂપમાં સેવાઓ આપી રહ્યા હતા. દેહાવસાનના એક દિવસ પહેલા તેઓ શ્રી મહેન્દ્ર મીશ્ર (આચાર્ય) ના ઘરે યજ્ઞ અને સંસ્કાર કરાવવા માટે પહોંચ્યા હતા. આવા કર્મઠ કાર્યકર્તાના નિધન પર સ્થાનિય ગાયત્રી પરિજનોએ તેમની ઈચ્છાનુસાર ગાયત્રી મહામંત્ર અખંડ જપ અને સત્સાહિત્ય નું વિતરણ કરીને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

સહિષ્ણુતા કાયરતા નહી પરંતુ શક્તિ છે.

# દેસંવિવિઃ સેવા, સક્રિયતા અને સમ્માનના વધતાં સોપાન

## પત્રકારિતાના ટોપર મુખ્ય મંત્રી દ્વારા સમ્માનિત



૨૮મે ના દિવસે દેવ સંસ્કૃતિ વિવિ. માં પત્રકારિતા અને જનસંચાર પાઠ્યક્રમોમાં ડિપ્લોમા કોર્સમાં વર્ષ ૨૦૦૮-૦૯માં અગ્રણી રહેલ વિદ્યાર્થી શ્રી ભૂપેન્દ્ર રતૂડીને ઉત્તરાખંડના મુખ્યમંત્રી ડૉ. રમેશ પોખરીયાલ 'નિશંક' દ્વારા સ્વર્ણપદક પ્રદાન કરી સન્માનિત કરવામાં આવેલ. હરિદ્વાર પ્રેસ ક્લબ દ્વારા હોટલ ગંગા રિવેરામાં યોજાયેલ સમ્માન સમારોહમાં શ્રી રતૂડીને આ પુરસ્કાર પ્રદાન કરવામાં આવેલ. આ અવસર પર ગુરૂકુલ કાંગડી વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. સ્વતંત્ર કુમાર, શિક્ષાવિદ્ ડૉ. યોગેન્દ્રનાથ શર્મા, પ્રેસ ક્લબના અધ્યક્ષ શ્રી બૃજેન્દ્ર હર્ષ તેમજ શ્રી રતૂડીના પિતા શ્રી શિવ પ્રસાદ અને માતા સહિત અનેક ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

હરિદ્વાર પ્રેસ ક્લબ દ્વારા પાછલા ૧૫ વર્ષોથી ગુરૂકુલ કાંગડી વિવિ. માં પત્રકારિતા પાઠ્યક્રમમાં સર્વોચ્ચ અંક મેળવનાર વિદ્યાર્થીને આ પુરસ્કાર આપવામાં આવ છે. આ વર્ષથી હરિદ્વારના બે બીજા વિવિ.- દેવ સંસ્કૃતિ વિવિ. અને ઉત્તરાખંડ સંસ્કૃત વિવિ. નો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રથમ વર્ષથી જ દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયએ પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરી પોતાનું ગૌરવ વધાર્યુ છે. સમ્માન સમારોહમાં વિવિના શ્રી રામમહેશ મિશ્ર-સંયુક્ત નિર્દેશક, જનસંપર્ક અને સેવાયોજના તથા પત્રકારિતા વિભાગના અધ્યક્ષ શ્રી સુખનંદન સિંહ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ભૂપેન્દ્ર રતૂડી વર્તમાન સમયમાં હિંદુસ્તાન સમાચાર પત્રમાં સેવા આપી રહ્યા છે.

## યોગ આરોગ્ય શિબિર યોજાઈ ગઈ

દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં ૧ થી ૯ જૂનની તારીખોમાં યોજાયેલ યોગ આરોગ્ય શિબિર શાનદાર સફળતા સાથે સંપન્ન થઈ. વિશ્વવિદ્યાલયના સમગ્ર સ્વાસ્થ્યના વિશિષ્ટ દૃષ્ટિકોણ તેમજ વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓના સહારે અણધાર્યોલાભ લઈનેપાછા ફરેલ દર્દીઓના ચહેરા ખુશીથી ઝુમી ઉઠ્યા હતા.

યોગ આરોગ્ય પોલીક્લીનીકના નિર્દેશક ડૉ.ચિન્મય પંડ્યાએ લાભાર્થીઓને ભાવભરી વિદાય આપતાં કહ્યું કે આ સમાપન નથી, સમગ્ર સ્વાસ્થ્ય તરફ પહેલું કદમ છે. જીવન સાધનાના સતત અભ્યાસથી એને સ્થાયિત્વ પ્રદાન કરવાનો પ્રયાસ કરવામાં આવે, તો વ્યક્તિ સ્વયં સ્વસ્થ રહેતાં અનેક લોકોને સ્વસ્થ જીવન જીવવાની પ્રેરણા આપી શકે છે.

આ શિબિરમાં ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ સિવાય દિલ્હી, રાજસ્થાન, બિહાર, મહારાષ્ટ્ર, પં.બંગાળ, ઝારખંડ, હિમાંચલ અને ગુજરાતના દૂરદૂરના વિસ્તારોથી આવેલ દર્દીઓ સામેલ થયા. ડાયાબીટીઝ, બ્લડ પ્રેશર, સ્થૂળતા, સાંધાના દુઃખાવા જેવી ગંભીર બિમારીઓનો ઠેર-ઠેર ઈલાજ કરાવીને પાછા ફરેલા દરદીઓને વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓ દ્વારા ૯૦ ટકા સુધી સ્વાસ્થ્યલાભ મળ્યો હતો.

પ્રાકૃતીક ચિકિત્સાને આધાર માનતા યોગ, યજ્ઞ, સંગીત, ધ્યાન, પ્રાણ ચિકિત્સા, એક્યૂપ્રેશર જેવી ચિકિત્સા પદ્ધતિઓથી વિવિધ રોગોનો ઈલાજ કરવામાં આવ્યો. મનોચિકિત્સા માટે બૌદ્ધિક વર્ગો લેવામાં આવ્યા. શિબિર સંયોજક ડૉ.કામાખ્યા કુમાર, વરિષ્ઠ ચિકિત્સક ડૉ.જ્ઞાનેશ્વર મિશ્ર સિવાય ડૉ.હિમાદ્રી સાવ, ડૉ.અજીત તિવારી, ડૉ.વંદના શ્રીવાસ્તવ, ડૉ.ચારૂ શર્મા, ડૉ.દીપક સિંહ, સંતોષ વિશ્વકર્મા, યતીન્દ્ર દત્ત અમોલી, સુદર્શન કુમાર વગેરેએ શિબિરની સફળતામાં પ્રશંસનીય યોગદાન આપ્યું.

## પર્યાવરણ દિવસ પર જન ચેતના જગાવી

વિશ્વ પર્યાવરણ દિવસ-૫ જૂનના નિમિત્તે ગાયત્રી વિદ્યાપીઠ શાંતિકુંજના વિદ્યાર્થીઓએ પર્યાવરણ જાગરુકતા રેલી નું




આયોજન કરેલ. પ્રધાનાચાર્ય શ્રી કૈલાશ મહાજનના નેતૃત્વમાંનીકળેલી આ રેલી નિકટવર્તી ગામ હરિપુર કલામાં બેનર, નારાઓના માધ્યમથી પ્રભાવી સંદેશ આપતા દેવ સંસ્કૃતિ વિવિ. પહોચેલ. આમાં ભાગ લઈ રહેલ ૪૦૦ વિદ્યાર્થીઓએ 'બાળક એક, વૃક્ષ હજાર' 'પર્યાવરણ બચશે તો જીવન બચશે','મેન ઇઝ ધ ચાઈલ્ડ ઓફ એન્વારમેન્ટ' જેવા નારાઓના માધ્યમથી પાંચ હજારથી પણ વધું લોકોને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપેલ.

રેલી પુનઃ વિદ્યાપીઠમાં પાછા ફરતા બાલ સભાનું આયોજન કરવામાં આવેલ. પ્રધાનાચાર્યએ આને સંબોધિત કરતા જણાવ્યુ કે માત્ર નારાઓ લગાવવાથી અને સભાઓ આયોજીત કરી લેવાથી પર્યાવરણ સંકટનું સમાધાન નથી થઈ જવાનું. પર્યાવરણની ગંભીરતાને સારી રીતે સમજીને તેનાથી બચવાનો દૃઢ સંકલ્પ લેવો જોઈએ. વિદ્યાર્થી જીવન જ આવ સંકલ્પોને જગાવવા માટેનો સર્વોત્તમ સમય છે. તેમણે વૃક્ષારોપણને પર્યાવરણ સંકટ નિવારણનો સવોત્તમ ઉપાય બતાવ્યો. આ સભાને ઉપપ્રધાનાચાર્ય શ્રી વિનય શર્મા અને શ્રી પ્રવીણ પંચપુરીએ સંબોધીત કરેલ.

**દે.સં.વિવિદ્યાલયના પ્રાંગણમાં**

દેવ સંસ્કૃતિ વિવિદ્યાલયમાં પર્યાવરણ જાગરૂકતાના સંદર્ભમાં 'સૃજના' પ્રદશર્ની લગાવવામાં આવી, જેનું ઉદ્દઘાટન સ્કૂલ ઓફ યોગ એન્ડ હેલ્થ ના નિદેશક ડૉ. ચિન્મય પંડ્યા દ્વારા કરવામાં આવેલ. સમારોહને સંબોધિત કરતા તેમણે જણાવ્યું કે પર્યાવરણ પ્રદૂષણ એક વિકટ સમસ્યા છે. આના નિવારણ માટે દરેક યુવાને એક મંચ પર આવીને પ્રયત્ન કરવો જોઈએ. તેમને આ અવસર પર અમલતાસ અને ગુડહલના વૃક્ષોનું વૃક્ષારોપણ પણ કરેલ.

'સૃજના' પર્યાવરણ જાગરૂકતાની દિશામાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ વિશેષ કૃતિઓનું સંકલન-પ્રદર્શન હતું. સંયોજીકા સુશ્રી શોભના દવે અને સુશ્રી કાવેરી બાલીને આ વિષયમાં જણાવ્યું કે આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા બેકાર સામગ્રીમાંથી બનાવવામાં આવેલ પેપરબેગ, ગ્રિટિંગ, પેન સ્ટેન્ડ, ફૂલ, રાઈટિંગ પેડ, ફોટો ફ્રેમ સામેલ કરવામાં આવ્યા છે. એને બનાવતી વખતે આ ઈકોફ્રેન્ડલી હોય, તેનું પૂરેપૂરૂ ધ્યાન રાખવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ આ વસ્તુઓ વેચાણ કેન્દ્ર પર પણ ઉપલબ્ધ છે.

## રિસર્ચ એન્ડ પબ્લિકેશન સેલનો શુભારંભ

તા-૧૦ જૂનના રોજ વિશ્વવિદ્યાલયમાં રિસર્ચ એન્ડ પબ્લિકેશન સેલનું ઉદ્દ્ઘાટન કુલાધિપતિ આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી દ્વારા સંપન્ન થયું. આ અવસર પર યોજાયેલ સમારોહને સંબોધિત કરતાં કુલાધિપતિજીએ કહ્યું કે વિશ્વ વિદ્યાલયના શોધપત્રોને પુસ્તકના રૂપમાં પ્રકાશિત કરવામાં આવશે, જે દરેક વિદ્યાર્થીઓ, શોધાર્થીઓ અને આચાર્યો માટે ઉપલબ્ધ રહેશે. સ્નાતક સ્તર પર થનારી ડિજર્ટેશન(લઘુ શોધપત્ર) પણ રિસર્ચ પેપરના રૂપમાં પ્રકાશિત કરવાની વાત કહી હતી.

કુલપતિ ડૉ. એસ.પી. મીશ્રએ યોગ આરોગ્ય પોલીક્લીનિકની સફળતાઓની ચર્ચા કરતા તેના રીપોર્ટને પણ પ્રકાશિત કરતા નવા સેલમાં ઉપલબ્ધ કરવાની જાણકારી આપી. યોગ વિભાધ્યક્ષ ડૉ. સુરેશ વર્ણવાલએ બતાવ્યું કે તેમના વિભાગે કેન્દ્ર સરકારના આયુષ વિભાગ અને ઈંડિયન કાઉંસિલ ઓફ મેડિકલ રિસર્ચ સાથે મળીને વિભિન્ન શોધોના પ્રકાશનની યોજના બનાવી છે. આમાં દેશભરના શોધકર્તાઓને પોતાના પરિણામો પ્રકાશિત કરવાનો અવસર આપવામાં આવશે. મુખ્ય સમન્વયક ડૉ. કામાખ્યા કુમારે જણાવ્યું કે યોગ વિજ્ઞાન વિભાગથી ૫૦ શોધપત્રો પ્રકાશન માટે તૈયાર છે.

સંપાદન કાર્ય માટે એક સંપાદક મંડળનું ગઠબંધન કરવામાં આવ્યું, જેના મુખ્ય સંપાદક ડૉ. ચિન્મય પંડ્યા રહેશે. આ અવસર પર વિવિ. ના વરિષ્ઠ અધિકારીઓ અને આચાર્યગણ ઉપસ્થિત રહ્યા હતા.

## શાંતિકુંજ તમારું ઘર છે, ધર્મશાળા નહીં.

લાખો લોકોને પરમ પૂજ્ય ગુરુદેવ પરમ વંદનીય માતાજી દ્વારા એ આશ્વાસન મળ્યું છે કે શાંતિકુંજ તમારું ઘર છે, ગુરુદ્વારા છે. અહીં આવનારને આ આશ્વાસન અત્યારે પણ મળી રહ્યું છે. પરંતુ જ્યાં ઘરના સદસ્યોને ઘરમાં આવી એક શાંતિ મળે છે, ત્યાં એ ઘરના નિયમોને નિભાવવા, તેની વ્યવસ્થા અને વિકાસનું પણ પૂરેપૂરૂં ધ્યાન રાખવું એ પણ એ ઘરના સદસ્યોની જવાબદારી છે.

પરમ પૂજ્ય ગુરુદેવે શાંતિકુંજને વ્યક્તિત્વ નિર્માણની ટંકશાળના રૂપે, લોકશિક્ષણ માટે તક્ષશિલા-નાલંદાના રૂપે સ્થાપિત કર્યું છે. આ માટે દરેક આત્મીયતા રાખનાર પરિજનોએ પોતાના ગુરુદેવની ઈચ્છાને પૂરી કરવા માટે પૂરેપૂરૂ ધ્યાન રાખવું જોઈએ અને તેને અનુરૂપ લાભ પણ લેવો જોઈએ.

મોટે ભાગે ચાર ધામની યાત્રાના સમયમાં ફરવાવાળાઓની સંખ્યા વધી જાય છે અને સાધના શિક્ષણનું વાતાવરણ ગડબડાય છે અને અવ્યવસ્થા વધે છે. એ ધ્યાન રાખશો કે શાંતિકુંજ કોઈ ધર્મશાળા નથી. અહીંયા જે પરિજનો આવે અથવા જેને મોકલવામાં આવે, એમને પહેલેથી મંજૂરી લઈને જ અહીં આવવું/મોકલવા. અહીં
(૧) વિભિન્ન સત્રોમાં પહેલેથી મંજૂરી મેળવેલ પરિજનો અને
(૨) કોઈ પણ પ્રકારના સંસ્કાર કરાવવા આવેલ પરિજનોને વધારેમાં વધારે **બે દિવસ માટે જ** ઉતારો આપવામાં આવશે.

**જે લોકો હરિદ્વાર ફરવા કે ચાર ધામની યાત્રા માટે આવે છે, તેઓ શાંતિકુંજના દર્શન માટે તો આવી શકે છે, પરંતુ તેમને પોતાના રહેવાની વ્યવસ્થા બીજે ક્યાંય(અન્યત્ર) કરવાની રહેશે. મંજૂરી વગર આવનાર લોકોનો સામાન ગેટ પર રાખી ફક્ત દર્શન માટે વિશેષ પાસ આપી અંદર પ્રવેશની વ્યવસ્થા રહેશે. આવા લોકો જો સામાન લઈને આવશે તો તેમનો સામાન ગેટ પર રાખી દેવામાં આવશે.**

## ઈન્ટર્નશિપ માટે દે.સં.વિ.વિ.ની ૩૬ ટોળીઓ નિકળી

કુલાધિપતિ આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજી તેમજ કુલસંરક્ષિકા આદ.શૈલબહેને તા-૩ જૂનના રોજ દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની ૩૬ ટોળીઓને ત્રણ મહિનાની ઈન્ટર્નશિપ માટે ભાવભરી વિદાઈ આપી. પોતાની સેવા-સદ્ભાવનાથી સમાજમાં ઉજ્જવળ ભવિષ્યની આશા અને વિશ્વાસ જગાડવાના આશીર્વાદ આપતાં તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓનો અધ્યયનકાળ એક તપસાધના છે અને ઈન્ટર્નશિપ એની પરીક્ષા છે. આ પરીક્ષામાં સાચા ઠર્યા બાદ સાચા આનંદની અનુભૂતિ થાય છે. તેમણે પોતાના

> **➢ ૩૬ ટોળીઓ રવાના કરી.**
> **➢ દેશના ૯ રાજ્યો અને પાડોશી દેશ નેપાળમાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ જશે.**

વિદ્યાર્થીઓને કુલપિતા યુગઋષિ પં.શ્રીરામ શર્મા આચાર્યજીના જીવન આદર્શો પર ચાલતાં સમાજ પર એવી છાપ છોડવાની પ્રેરણા આપી. જેમાં સમાજ પૂજ્ય આચાર્યજીના મહાન વ્યક્તિત્વની ઝાંખી મેળવી શકે.

બી.એ., બી.એસ.સી. પાઠ્યક્રમોમાં પાસ થયેલ ૧૩૦ વિદ્યાર્થીઓ ઈન્ટર્નશિપ માટે રવાના થયા. તેઓ ઉત્તરાખંડ, હિમાચલ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, જમ્મુ-કાશ્મીર, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, પંજાબ અને પાડોશી દેશ નેપાળમાં પોતાની સેવાઓ આપશે.

# જન્મ શતાબ્દીના કાર્યક્રમોથી મળી રહી છે નવી દિશા

## યજ્ઞીય ઉર્જાથી છલક્યો જન્મ શતાબ્દીનો સંકલ્પ

**રાઠ, હમીરપુર(ઉત્તર પ્રદેશ)**

નશા નિવારણ સ્વાસ્થ્ય સંવર્ધન એવં પર્યાવરણ સંરક્ષણની ભવ્ય ઝાંખી સાથે નિકળેલ કળશયાત્રાથી ૫૧ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનો શુભારંભ થયો.

તા-૨૨ થી ૨૫ એપ્રિલના દિવસોમાં યોજાયેલ આ મહાયજ્ઞમાં બન્દેલખંડ મા.વિ. ચિલ્લી, જવાહર નવોદય, ક્રાઈસ્ટ કોન્વેન્ટ, યુગ નિર્માણ વિદ્યાલયની સાથે અનેક વિદ્યાલયના વિદ્યાર્થી, શિક્ષક, શિક્ષિકાઓ અને મહોબા, ઝાંસી જાલોનના હજારો કાર્યકર્તા ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી રામશંકર મિશ્ર અને શ્રી સુરેન્દ્ર વર્માની ટોળી દ્વારા સંચાલિત આ મહાયજ્ઞમાં વિભિન્ન સંસ્કાર, આદર્શ વિવાહ, જીલ્લા સ્તરીય કાર્યકર્તા સંમેલન સંપન કરવામાં આવેલ. બ્રહ્માનંદ મહાવિદ્યાલયના પ્રચાર્ય ડૉ. કે. બી. વર્માએ યુવાઓને પશ્ચિમી સભ્યતાનું અંધાનુકરણ કરવાથી બચવાનું આહ્વાન કર્યુ હતું. સાંજના સમયે ઉપજીલ્લા અધિકારી શ્રી રાકેશ કુમારની ઉપસ્થિતિમાં દીપ મહાયજ્ઞ સંપન્ન કરવામાં આવેલ.

પૂર્ણાહુતિ સાત પાળીમાં સંપન્ન થઈ. ૨૨૮ દીક્ષા, ૫૪૦ વિદ્યારંભ, ૧૨ પુંસવન, ૨૬ નામકરણ સાથે વિભિન્ન સંસ્કાર મોટી સંખ્યામાં કરાવવામાં આવ્યા.

અનુયાજના પ્રથમ ચરણમાં ઉપસ્થિત કર્મઠ અને સક્રિય પરિજનોએ પંચાયત સ્તર પર જ્યાં-જ્યાં કુંડીય અથવા દીપમહાયજ્ઞ નથી થયા એવી જગ્યાઓને ચિહ્નિત કરીને દીપ મહાયજ્ઞ કરવાનો સંકલ્પ લીધો છે.

આ અવસર પર ૨૪ વરિષ્ઠ નાગરિકોને તથા ૧૨ મીડિયાકર્મિયોને તેમના ઉત્કૃષ્ઠ કાર્ય માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. સર્વશ્રી રામરતન સિંહ, અશોક ગુપ્તા, મેજર ચંદ્રશેખર મીશ્ર, ડૉ. લક્ષ્મણ ત્રિપાઠી અને મહિલા મંડળની બહેનોનું વિશેષ યોગદાન રહ્યું.

**ચંદ્રાવતી ગંજ, ઈન્દોર(મ.પ્ર)**

જન્મ શતાબ્દી વર્ષના અંતર્ગત ચલાવવામાં આવી રહેલ સાધના અભિયાન અંતર્ગત તા-૨૯ એપ્રિલના દિવસે અખંડ જપ રાખવામાં આવેલ. જેમાં ૫૧થી વધું પરિજનોએ ભાગ લીધો હતો.

આગલા દિવસે જપની પૂર્ણાહુતિ યજ્ઞાયોજન સાથે કરવામાં આવેલ. આ દરમ્યાન શ્રી તુલસીરામ પ્રજાપતિ, શ્રી બાબુલાલ ચાંગલએ નિત્ય દીપ મહાયજ્ઞ, યજ્ઞ સંસ્કાર કરાવવા પર ભાર આપ્યો. પ્રજ્ઞાપીઠ દ્વારા સંચાલિત જ્ઞાનરથને ગામે ગામ ચલાવવાનો સામુહિક રુપથી સંકલ્પ લેવામાં આવ્યો. આ જ્ઞાનરથને નિત્ય નવીન જગ્યાએ લગાડવાનો નિર્ણય લેવામાં આવ્યો. ✹

## આદિવાસીઓએ કરાવ્યા યજ્ઞોપવિત સંસ્કાર

**સેંધવા, ઈન્દોર(મધ્ય પ્રદેશ)**

જન્મ શતાબ્દી વર્ષ દરમ્યાન ચલાવવામાં આવી રહેલ યજ્ઞીય શૃંખલાની અંતર્ગત ગામે-ગામ ગાયત્રી મહાયજ્ઞ સંપન્ન કરવામાં આવી રહેલ છે. આ ક્રમમાં આદિવાસી સંત શ્રી ડેમનિયા ભાઈ ડાબરે સેંધવા નજીક આવેલ ગ્રામ કામદમાં પંચકુંડીય ગાયત્રી મહાયજ્ઞ સંપન્ન કરાવ્યો હતો. કાર્યક્રમથી પ્રભાવિત થઈને ૪૦૦ થી વધુ આદિવાસી ભાઈ બહેનોએ એક સાથે યજ્ઞોપવિત ધારણ કરેલ.

આ અવસરે વનવાસિઓને સંબોધીત કરતા સંત ડેમનિયા ભાઈએ કહ્યું કે 'માનવ માત્ર એક સમાન, જાતિ વંશ સબ એક સમાન' ગાયત્રી પરિવારનું પ્રમુખ સૂત્ર છે. કોઈ પણ મનુષ્ય જન્મથી મહાન નથી હોતો, પરંતુ કર્મ અને સંસ્કારોથીજ એ મહાન બને છે. યજ્ઞોપવિત ધારણ કરવાથી મનુષ્ય દ્વિજ બને છે અર્થાત્ તેનો બીજો જન્મ થાય છે. આનાથી મનુષ્યમાં આદર્શવાદી જીવન જીવવાની સંકલ્પ શક્તિ જાગૃત થાય છે.


સામુહિક યજ્ઞોપવિત ધારણ કરતા પરિજનો

યજ્ઞની પૂર્ણાહુતિના ક્રમમાં વનવાસી ભાઈ-બહેનોએ દારૂ, બીડી, તમાકુ વગેરે નશા છોડવાના સંકલ્પ લીધા હતા. આ ક્રમમાં ધૂપખેડા પંચકુંડીય ગાયત્રી મહાયજ્ઞ માં ૩૦૦ લોકોએ તથા લાલબેડામાં ૨૦૦ તથા સુરગામમાં ૧૦૦થી વધારે લોકોએ યજ્ઞોપવિત ધારણ કરી પ્રતિદિન ગાયત્રી મંત્ર જપવાનો સંકલ્પ લીધો.

કાર્યક્રમનું સંચાલન શ્રી રુપસિંહ લશકરિયાએ તથા આભાર પ્રદર્શન શ્રી ખુમસિંહ અને શ્રી માંગલીયા ડાબરે કરેલ. ✹

## પીડીત માનવતાની સેવા જ સાચી ઈશ્વરાધના છે

**કનખલ (હરિદ્વાર)**

અશક્ત, મંદબુદ્ધિવાળા બાળકો પણ સમાજનું જ એક અંગ હોય છે. તેમની ઉપેક્ષા ન થવી જોઈએ. આવા બાળકોને પ્રોત્સાહિત, સહયોગ આપીને સમાજની મુખ્ય ધારા સાથે જોડવા હેતુ શ્રી વિપુલ શર્મા અને શ્રિમતી પૂર્ણા શર્મા કનખલમાં સમર્થ સંસ્થાનના માધ્યમથી એક મંદબુદ્ધિ બાળકોનું વિદ્યાલય ચલાવી રહ્યા છે.

ઉચ્ચ શિક્ષિત આ યુવા દંપત્તિના મનને દીન દુઃખીઓની પીડાએ દ્રવિત કરી દીધું. બંનેએ સંકલ્પ લીધો કે આજીવન માનસિક વિકલાંગ બાળકોની સેવા કરીશું. પૂજ્ય ગુરૂદેવના સૂત્ર 'પીડિત માનવતાની સેવા જ સાચી ઈશ્વરાધના છે' ને જીવન લક્ષ બનાવી લીધું. પોતાના જ ઘરે વિદ્યાલયની શરૂઆત કરીને બાળકોને શિક્ષણ આપવા લાગી ગયા. વર્તમાન સમયે ૬૦ બાળકો શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે.

સમર્થ સંસ્થાનનો ૫મો વાર્ષિકોત્સવ તા-૨૧ મે ના દિવસે મનાવવામાં આવ્યો. આ અવસર પર ઉપસ્થિત કાર્યક્રમના મુખ્ય અતિથિ જીલ્લાધિકારી શ્રી આર. મીનાક્ષી સુંદરમે કહ્યું કે વિકલાંગતા કોઈ અભિશાપ નથી, સમાજ સેવી સંસ્થાઓના માધ્યમથી આવા બાળકોને સમર્થ બનાવી શકાય છે.

વિશિષ્ટ અતિથિના રૂપમાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના સ્કૂલ ઓફ યોગા એન્ડ હેલ્થ ડિપાર્ટમેન્ટના નિદેશક ડૉ. ચિન્મય પંડ્યા પહોચ્યા હતા. ડૉ. પંડ્યાએ કહ્યું કે આજના ભૌતિકવાદ અને આર્થિક દોડમાં લોકો સેવાના ક્ષેત્રથી દૂર જઈ રહ્યા છે પરંતુ સમર્થ સંસ્થાન દ્વારા ચલાવવામાં આવી રહેલા પ્રયાસોને જોઈને લાગે છે કે આજે પણ સેવાના ક્ષેત્રમાં કાર્ય કરવાવાળાઓની કોઈ ઉણપ નથી.


અશક્ત બાળકોને પુરસ્કૃત કરી રહેલ શાંતિકુંજ પ્રતિનિધિ

બાળકોએ રાષ્ટ્ર ભાવનાથી ઓત-પ્રોત સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત કરી. તેમણે અભિનય દ્વારા ગંગા પ્રદૂષણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્લોબલ વોર્મિંગ, વૃક્ષારોપણ વગેરે રાષ્ટ્રિય સમસ્યાઓ પર લોકોનું ધ્યાન આકર્ષિત કર્યુ. બાળકો દ્વારા પ્રસ્તુત 'પ્રજ્ઞાયોગ વ્યાયામ અને ડાંડિયારાસ નૃત્ય' જોઈને અભિભાવકોની આંખોમાં આંસૂ આવી ગયા, આ આંસૂ દયાના નહી પરંતુ ખુશી અને ગર્વના હતા.

આ અવસર પર ગાયત્રી વિદ્યાપીઠના પ્રધાનાચાર્ય શ્રી કૈલાશ મહાજન અને શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિશ્રી શિવ પ્રસાદ મિશ્ર વગેરેએ બાળકોનુ ઉત્સાહવર્ધન કરતા સફળતાના સૂત્રો પર પ્રકાશ પાડ્યો હતો. કાર્યક્રમનું સંચાલન દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના સંયુક્ત નિદેશક શ્રી રામ મહેશ મિશ્રાએ કરેલ. ✹

## યુવા ચિકિત્સકોએ કરી નિઃશુલ્ક ચિકિત્સા

**બુરહાનપુર(મધ્ય પ્રદેશ)**

આદર્શ ગ્રામ યોજનાને અંતર્ગત યુવા પ્રકોષ્ઠ બુહરાનપુર દ્વારા આદર્શ ગ્રામના રૂપમાં ગોદ લેવામાં આવેલ ગ્રામ દેવહારીમાં આયુર્વેદિક મહાવિદ્યાલયના સહયોગથી તા-૧૪ મેના દિવસે આયુર્વેદિક ચિકિત્સાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગ્રામવાસીઓએ ભાગ લીધો હતો. શિબિરનું ઉદ્ઘાટન શ્રી ભીમસિંહ રાઠૌર, શ્રી કિસાન રાઠૌર અને સરપંચ શ્રી સંતોષ જાદવ દ્વારા કરવામાં આવેલ.


શારીરિક પરિક્ષણ કરતા યુવા ચિકિત્સક

આ અવસર પર યુવા પ્રકોષ્ઠના શ્રી રાજેશ કાસ્ડેકરએ કહ્યું કે સ્વસ્થ શરીરમાં સ્વચ્છ મનનું નિર્માણ થાય છે અને તેનાથી જ સભ્ય સમાજની રચના થાય છે. આથી શરીરની સાથે સાથે મનને પણ સ્વસ્થ રાખવું અનિવાર્ય છે. આયુર્વેદિક મહાવિદ્યાલયના ચિકિત્સક ડૉ. ટી. એસ. મોહનતોએ સ્વાસ્થ્ય સંરક્ષણની જાણકારી આપી હતી.

શિબિરમાં ગ્રામ દેવહારી, અંજન બડલી, સેલગામ, દર્યાપુર, ફોફનાર ડોંગરગામના ૩૧૯ ગ્રામીણોના સ્વાસ્થ્યનું પરિક્ષણ કરી નિઃશુલ્ક દવાઓ આપવામાં આવી હતી. ચિકિત્સક દલમાં ડૉ. યોગેશ મથુરીયા, રાજેશ દ્વિવેદી, દિલીપ પ્રજાપતી વગેરેની પ્રમુખ ભૂમિકા રહી હતી. ✹

## ફળ વિક્રેતાની લારી પર શોભે છે યુગઋષિના વાંગ્મય

આદર્શો પ્રત્યે નિષ્ઠા હોય તો, દીક્ષાની ઔપચારીકતા પણ નડતી નથી. આવુ જ ઉદાહરણ બાંદીકુઈના એક ફલ વિક્રેતા શ્રી બાબુલાલ સૈનીનું છે, જેઓ એક વર્ષથી પૂજયવરના સાહિત્યનું અધ્યયન કરી રહેલ છે. જો કે તેમણે ગાયત્રી મંત્રની દીક્ષા લીધી નથી, તો પણ મિશનના સક્રિય કાર્યકર્તાઓ કરતા મિશન પ્રત્યે એમનો ઘણો વધારે પ્રેમ છે. તેઓ પોતાની લારી પર ફળ તો વેચે જ છે, સાથે-સાથે પૂજ્ય ગુરૂદેવનું સાહિત્ય વાંચે છે અને વંચાવે છે. એમની નિષ્ઠાથી પ્રભાવિત થઈને સ્થાનિય પોલિસ અધિકારી શ્રી તેજરાજ સિંહ હાડા તેમજ રિટાયર્ડ વિકાસ અધિકારી શ્રી રામજી લાલ મિશ્રા, ડૉ. સોહન લાલ તથા ડૉ. પ્રદિપ પાલીવાલે એમને વાંગ્મય ભેટ આપીને સન્માનિત કર્યા હતા. ✹



**બીજાને પીડા ન પહોંચાડવીએ જ માનવ ધર્મ છે.**



# અમેરિકામાં જન્મ શતાબ્દીની હલચલ

યુગઋષિ પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દીનો ઉલ્લાસ આ દિવસોમાં અમેરિકામાં પણ જોવા મળી રહ્યો છે. ભારતની જેમ જ ઘરે-ઘર માં યુગઋષિનો સંદેશ પહોચાડવાના લક્ષ સાથે શાંતિકુંજની કેટલીય ટોળીઓ આ દિવસોમાં અમેરિકાના વિભિન્ન ક્ષેત્રોમાં સક્રિય બની ગઈ છે.



**શિકાગો:** શાંતિકુંજના પ્રતિનિધિ શ્રી પ્રતાપ શાસ્ત્રી ઈટાસ્કા સિટીના શિકાગો ગાયત્રી ચેતના કેન્દ્રમાં છેલ્લા ચાર મહિનાથી સેવાઓ આપી રહ્યા છે. તેમણે શિકાગોના ગાયત્રી જ્ઞાન મંદિરમાં દરેક સંસ્કાર તથા નજીકના જીલ્લાઓ જેવા કે ઈંડાના પોલિસ, બાલ્ટિમોર, વોશિંગ્ટનમાં પણ ગુરૂદેવની જન્મ શતાબ્દીનો અલખ જગાવ્યો.

**લૉસ એંજિલ્સ:** શ્રી શાંતિલાલ પટેલ ગાયત્રી જ્ઞાન મંદિર લૉસ એંજિલ્સને કેન્દ્ર બનાવીને ત્યાં પ્રસ્તાવિત પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓની સાથે-સાથે ત્યાં વસતા ભારતિય પરિવારોમાં યુગ ચેતનાનો વિસ્તાર કરી રહ્યા છે, પૂજ્યવરના વિચારોને જન-જન સુધી પહોંચાડી રહ્યા છે.

**ન્યૂજર્સી:** ન્યૂજર્સીમાં પ્રતિષ્ઠિત ગાયત્રી ચેતના કેન્દ્રની ગતિવિધિઓના સંચાલન માટે શ્રી બાલરૂપ શર્માજી પહોંચ્યા હતા. પોતાના યૌગિક કાર્યક્રમ અને ઓજસ્વી વાણીથી તેમણે ઘરે-ઘર કથા, દીપયજ્ઞ, દરેક પ્રકારના સંસ્કારોના કેટલાય કાર્યક્રમ સંપન્ન કરાવ્યા.

તા-૧૭ મે ના દિવસે શ્રી ઑંકાર પાટીદાર અને શ્રી છબિરામ ગઢિયાની ટોળી ગાયત્રી ચેતના કેન્દ્ર પિસ્કાટા તેમજ ન્યૂજર્સી પહોચી. પ્રથમ દિવસથી જ ચેતના કેન્દ્રના વાતાવરણમાં નવચેતનાનો સંચાર થઈ ગયો. પ્રાત: જાગરણથી રાત્રિ શયન સુધી આરતી, ધ્યાન, પ્રશિક્ષણ વગેરેનો શાંતિકુંજ પ્રમાણેનો ક્રમ ચાલુ થયો. ચેતના કેન્દ્ર પ્રત્યેની જન-જનની શ્રદ્ધામાં ક્રમશ: વધારો થતો ગયો. જુદા-જુદા સંસ્કાર અને યજ્ઞ, દીપયજ્ઞ વગેરે કાર્યક્રમોની શૃંખલા ચાલી પડી. તા-૫ અને ૬ જૂનના દિવસે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની વ્યવસ્થા શ્રી નટુભાઈ પટેલ, રાવજી ભાઈ, સુભાષ પટેલ, કલ્પેશ, અલ્પેશ, વનલતા બેન, મહેન્દ્રભાઈ અને અનેક વકીલ અને ડોક્ટર દિકરા-દિકરીઓએ સંભાળી હતી.

શાંતિકુંજથી આવીને ડૉ. એ. કે. દત્તા અને શ્રીમતી અપર્ણા દત્તાનું ટોળીમાં ભળી જવાથી જન જાગૃતિ અભિયાનના વેગમાં વધારો થયો. પરમ પૂજ્ય ગુરૂદેવ અને વંદનીયા માતાજીના સાથેની તેમની લાંબી અને અમર સ્મૃતિઓ યુગ સંદેશ સાથે જોડાવા લાગી તો શ્રોતાઓને ગુરૂસત્તાના પ્રત્યક્ષ સાનિધ્યની અનુભૂતિઓ થવા લાગી. પહેલાથી જ કાર્યક્રમમાં ૪૫૦-૫૦૦ પરિજન ઉપસ્થિત હતા. શ્રદ્ધાળુઓની સંખ્યામાં ક્રમશ: વધારો થતો ગયો. લેંસડેલથી સર્વશ્રી અનિલ પટેલ, બેનસલમથી પ્રદીપ શાહ, ભાનુભાઈ, મહેન્દ્ર ભાઈ, અરૂણા બેન, અટલાંટિક સિટીથી અવિનાશ પટેલ, નીરૂબેન, શંકરભાઈ બારોટ, જયશ્રી પટેલ વગેરેનો કાર્યક્રમમાં વિશેષ સહયોગ રહ્યો હતો.

### ઈંડિયાના પોલિસમાં જન્મ શતાબ્દી યજ્ઞ

હિન્દુ ટેમ્પલ ઈંડિયાના પોલિસ, અમેરિકામાં જન્મ શતાબ્દી દીપ મહાયજ્ઞ સંપન્ન કરવામાં આવ્યો. શિકાગોમાં સક્રિય શ્રી પ્રતાપ શાસ્ત્રીની ટોળીએ આનું સંચાલન કરતા ઉપસ્થિત લગભગ ૧૦૦૦ શ્રદ્ધાળુઓને પરમ પૂજ્ય ગુરૂદેવનો સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે જો યુગને બદલવો હોય તો સૌથી પહેલા આપણે પોતાની માન્યતાઓ બદલવી પડશે. દેવી-દેવતાઓની પૂજા અર્ચના જ પર્યાપ્ત નથી, સૌથી પહેલા વ્યક્તિએ તેના જીવનને સાધવું પડશે.

આ વિશાળ આયોજનની વ્યવસ્થા ઈંડિયાના પોલિસના ભાવનાશીલ અને સમર્પિત બહેન શ્રીમતી ભારતી શાહ તથા તેમના કર્મઠ સહયોગીઓએ સંભાળી હતી. ઉપસ્થિત પરિજનોએ જન્મ શતાબ્દીની વિશેષ જવાબદારીઓને સમજી તેને પૂરી કરવાનો યથા શક્તિ સંકલ્પ લીધો.

### આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજીની વિશેષ ઉપસ્થિતિમાં

## વર્ષ ૨૦૧૦ના બે વિશિષ્ટ કાર્યક્રમો

### લૉસ એંજિલ્સમાં શક્તિપીઠની પ્રાણ પ્રતિષ્ઠા

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા અમેરીકાના ત્રીજા શક્તિપીઠની સ્થાપના લૉસ એંજિલ્સમાં થવા જઈ રહી છે. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે લૉસ એંજિલ્સમાં ઈ.સ. ૧૯૯૩માં પરમ વંદનીયા માતાજીની ઉપસ્થિતિમાં અશ્વમેધ મહાયજ્ઞ સંપન્ન કરવામાં આવ્યો હતો. આનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા-૯ અને ૧૦ જુલાઈ-૧૦ના દિવસે ૧૦૮ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ સાથે સંપન્ન થવા જઈ રહ્યો છે. શાંતિકુંજથી ડૉ. પ્રણવ પંડ્યાજીની ટોળી લૉસ એંજિલ્સ પહોંચીને આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને સંપન્ન કરાવશે. પરિજનો કેલિફોર્નિયા અથવા અમેરિકાના પશ્ચિમ તટ પર વસતા પોતાના પરિવાર જનોને, ઈષ્ટમિત્રોને, સ્નેહીજનોને આ કાર્યક્રમમાં ભાગ લેવા પ્રેરિત કરી શકે છે.

**નવનિર્મિત શક્તિપીઠનું સરનામુ છે-ગાયત્રી ચેતના કેન્દ્ર**
**2446 w orange AVE ave.anahaim CA92804 Tel-714-220-2111**

### યુથ એન્ડ એડલ્ટ કેમ્પ

આ વર્ષે અમેરીકા અને કેનેડાનું એક માત્ર યૂથ એન્ડ એડલ્ટ કૈમ્પ આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજીની ઉપસ્થિતિમાં તા- ૧૧ થી ૧૬ જુલાઈ-૧૦ ના દિવસે વૉશિંગ્ટનમાં આયોજીત થવા જઈ રહ્યું છે. આ કેમ્પ બેસ્ટ વેસ્ટર્ન હોટેલ એન્ડ કોન્ફરન્સ સેંટર, બાલ્ટીમોરમાં યોજાનાર છે. આમાં અમેરીકા અને કેનેડામાં રહેવાવાળા ૫ થી ૨૫ વર્ષના બાળકો ભાગ લઈ શકે છે. શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક awgpcamp.org પર ઓન-લાઈન રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

**વધુ જાણકારી માટે સંપર્ક કરો**
**વિવેક ખન્ના-240-876-2839**
**સુજલ મિસ્ત્રી-240-277-3664**

## અગ્નિ કાંડથી બેઘર થયેલા સાધુઓને રાહત સામગ્રી



**રાહત સામગ્રી આપતા શાંતિકુંજ પ્રતિનિધિ અને ઘટનાસ્થળે પોતાનો સામાન જોતા સાધુ તથા શાંતિકુંજ દ્વારા આપવામાં આવેલ તિરપાલથી તૈયાર થતા રહેઠાણ, જે પાછળ જોવા મળે છે.**

હરિદ્વારના સપ્તસરોવર ક્ષેત્રની ઠોકર નં ૧૨ પર ગંગાતટ પર રહેનારા સાધુઓની ૧૦૩ ઝુંપડીઓ તા-૫ મેના દિવસે બપોરના સમયે ૧૧ વાગે જોત-જોતામાં બળીને રાખ થઈ ગઈ. સાધુઓને માથું ઢાંકવાનુ છાપરૂ જાણે ઉડી ગયુ અને તેઓ ખુલ્લા આકાશ નીચે રાત વિતાવવા માટે મજબૂર બની ગયા હતા.

આ અગ્નિકાંડને ઓછો કરવા માટે જીલ્લા પ્રશાસનની ૬ ગાડીઓએ ખૂબ મહેનત કરી હતી. દુર્ઘટના દિવસે થઈ હોવાથી જાનહાનિ તો નથી થઈ, પરંતુ ઝુંપડીઓ રાખમાં બદલાઈ ગઈ હતી.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના પ્રમુખ આદરણીય ડૉ. પ્રણવ પંડ્યાજીએ અને આદરણીય શૈલ દીદીએ સાધુઓની ઝુંપડી બળવા પર દુ:ખ વ્યક્ત કર્યુ છે.

આ સમાચાર લઈને જીલ્લા પ્રશાસન અધિકારી સહયોગની અપેક્ષાથી શાંતિકુંજ આવ્યા હતા. શાંતિકુંજ વ્યવસ્થાપક આદરણીય શ્રી ગૌરીશંકર શર્માજીએ તેમને આશ્વાસન આપ્યુ કે પરમ પૂજ્ય ગુરૂદેવના શાંતિકુંજમાં પીડિત માનવતાની સેવાને ઈશ્વરની સેવા માનવામાં આવે છે. શાંતિકુંજ આ સાધુઓને યથા સંભવ સહયોગ કરશે. ત્યાર બાદ તુરંત જ તેમને કાર્યવાહી કરવાના ઉદ્દેશથી આપદા પ્રબંધનની એક ટીમ તૈયાર કરીને સર્વેક્ષણ માટે મોકલી દીધી.

સર્વે દલ, જીલ્લા પ્રશાસન અને સાધુઓના રિપોર્ટ મુજબ શાંતિકુંજની ટીમ આગલા દિવસે રાહત સામગ્રી લઈને પહોંચી. આ દરમ્યાન બાબા ઈન્દ્રમણીજીએ વિશેષ સહયોગ કર્યો હતો. સાધુઓને પોતાનું રહેઠાણ બનાવવા માટે ૧૦૩ તિરપાલ આપવામાં આવ્યા. આ ઉપરાંત ૧૦૩ ધાબળા, ૧૦૩ ચાદર અને ૨૦ સાધુઓને વાસણોનો સેટ જેમાં ૨ થાળી, ૨ લોટા, ૨ પ્યાલા, ૨ તપેલી વગેરે આપવામાં આવેલ. રાહત સામગ્રી લઈને શાંતિકુંજથી કામતા સાહૂ, રાકેશ જયસ્વાલ, રામમનોરથ પંડ્યા, જમુના વિશ્વકર્મા, વેદપ્રકાશ વગેરે પરિજનો ગયા હતા.

**સ્વામી:-**યુગ ચેતના ટ્રસ્ટ શાંતિકુંજ હરિદ્વાર શ્રીમતી શૈલબાળા પંડ્યા શાંતિકુંજ હરિદ્વાર દ્વારા પ્રકાશિત અને યુગાન્તર ચેતના પ્રેસ હરિદ્વારમાં મુદ્રિત અને યુગચેતના ટ્રસ્ટ શાંતિકુંજ દ્વારા પ્રકાશિત. સંપાદક વીરેશ્વર ઉપાધ્યાય **એડ્રેસ:-શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાખંડ) પીન નં:- ૨૪૯૪૧૧, ફોન નંબર-(૦૧૩૩૪) ૨૬૦૬૦૨, ૨૬૧૩૨૮ ફેક્સ-નં-૨૬૦૮૬૬**
www.awgp.org, www.dsvv.org
EmailQ-shantikunjnewsTawgp.org

R.No.UA/DO/DDN/29/2009-11
LICENCE TO POST W/O PREPAYMENT NO. WPP/05/05 RENEWED UP TO-2011